१

# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૫




શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે?—કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતા ઉપજાવનારા છે. આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહિ. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* સુખકે અર્થ કી હુઈ હિંસા દુઃખકી પરિપાટી કરતી હૈ, મંગલાર્થ કી હુઈ હિંસા અમંગલ કરતી હૈ, તથા જીવનાર્થ કી હુઈ હિંસા મૃત્યુકો પ્રાપ્ત કરતી હૈ. ઈસ બાતકો નિશ્ચય જાનના. ૧૪૫૬. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૨૨)*

* જિસકે વશમેં પાંચોં ઈન્દ્રિયાં હૈ ઔર જિસકા મન દુષ્ટ યા દોષી નહીં હૈ, જિસકા આત્મા ધર્મમેં રત હૈ ઉસકા જીવન સફલ હૈ. ૧૪૫૭.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૮૬)*

* જેમ કોઈનો પુત્ર ઘરમાં છે અને બજારમાં કોઈએ તેને પૂછ્યું, આપને પુત્ર છે ? ત્યારે તે કહે કે મારે પુત્ર છે, અભાવ કહેતો નથી. વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કહે, પણ હે ચિદાનંદ ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શન-જ્ઞાન શક્તિ છતી હોવા છતાં અણછતી રાખી છે. ૧૪૫૮.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ-૨૨)*

* ઈસ સંસારમેં જિતને ભી વિધિ વિધાન હૈ વે સબ જ્ઞાનકે બિના કભી ભી કલ્યાણકારી નહીં હોતે અર્થાત્ સમજબૂજકર કરને પર હી વે સબ વ્યવહાર હિતકારી હોતે હૈં. ઈસલિયે અપને અહિતસે બચનેકે ઈચ્છુક ઔર હિતકે અભિલાષી પુરુષ જ્ઞાનકા હી આશ્રય લેતે હૈં. ૧૪૫૯.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૨)*

* યહ જિનવચન હૈ સો ઔષધ હૈ, સો કૈસા ઔષધ હૈ ? વિષય જો ઈન્દ્રિયનિકે વિષ તિનતૈં માન્યા સુખ તાકા વિરેચન કહિયે દૂરિ કરનહારા હૈ, બહુરિ કૈસા હૈ ?—અમૃતભૂત કહિયે અમૃતસારિખા હૈ યાહિતૈ જરા-મરણરૂપ રોગ તાકા હરનહારા હૈ, બહુરિ સર્વ દુઃખનિકા ક્ષય કરનહારા હૈ. ૧૪૬૦.

*(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૧૭)*

* ચક્રવર્તી તપ કરવાને માટે સુદર્શન ચક્રનો ત્યાગ કરે છે તેમાં સજ્જનોને કંઈ આશ્ચર્ય લાગતું નથી. કેમ કે તે તપ સાધુઓને અવિનાશી અનુપમ મોક્ષ સંપત્તિને આપે છે. પરંતુ પરમ આશ્ચર્ય તો એ થાય છે કે જે કોઈ સાધુ તપને છોડીને ઈન્દ્રિય-વિષયોને ગ્રહણ કરે છે, જે આ મહાન ભયાનક સંસાર-સમુદ્રમાં અનેક દુઃખોને આપે છે. આ વાત બહુ જ આશ્ચર્યકારી છે. ૧૪૬૧.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૯૭)*

વર્ષ–૯
અંક–૫




વિ. સંવત
૨૦૭૧
January
A.D. 2015




# અક્ષય તૃતીયાનું અક્ષયજ્ઞાન

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૨૫-૪-૪૪, મંગળવાર) (ગતાંકથી ચાલુ)



આજે અક્ષય ત્રીજ છે. આજના દિવસે ભગવાન ઋષભદેવનું વર્ષીતપને અંતરે શ્રેયાંસકુમારને ત્યાં વિધિપૂર્વક પારણું થયું હતું. આ વિધિપૂર્વક આહારદાનનો મહાનમાંગળિક પ્રસંગ અઢાર ક્રોડાક્રોડી વર્ષના આંતરે થયો હતો. શ્રેયાંસકુમારને દાનના ફળમાં આત્માનું અક્ષય એટલે નાશ ન પામે એવું સુખ પ્રગટ્યું હતું તેથી તે દિવસને 'અક્ષય ત્રીજ' કહેવાય છે.

ઋષભદેવ ભગવાનને છ માસના ઉપવાસ હતા, અને ત્યારપછી છ માસ આહારનો વિકલ્પ આવતાં યોગ્ય સમયે આહાર લેવા જતા પણ દાનના વિધિના કોઈ જાણનાર ન હતા તેથી છ માસ સુધી આહારનો પ્રસંગ બન્યો નહીં. શ્રેયાંસકુમારને સ્વપ્નું આવ્યું તેમાં કલ્પવૃક્ષ સુકાતું દીઠું—પછી ભગવાનના દર્શન થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, અને આહારના વિધિની ખબર પડી, એટલે વિધિપૂર્વક "તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ" એમ બોલી આહારદાન માટે વિનયથી પડગાહ કરી, નવધા ભક્તિ વડે શેરડીના રસનું આહારદાન કર્યું હતું. આ કાળમાં ભરતક્ષેત્રે દાનનો વિધિ ત્યારથી શરૂ થયો. ઋષભદેવ ભગવાન તે જ ભવે મોક્ષગામી થયા અને શ્રેયાંસકુમાર પણ તે જ ભવે મોક્ષગામી થયા.

> **હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
> **કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮. –શ્રી નિયમસાર**

પ્રશ્ન :—શેરડીના રસનું જ દાન કેમ કર્યું? લાડવા કે દાળભાત કેમ ન આપ્યા?

ઉત્તર :—શેરડીનો રસ તે વખતે સહેજે હાજર હતો, અને તે વસ્તુ નિર્દોષ હતી, તેથી શેરડીના રસનું દાન કર્યું. બારબાર માસ સુધી કોઈને વિધિની ખબર ન પડી અને શ્રેયાંસકુમારને ત્યાં જ મેળ ખાધો. ૬.

હવે તીર્થંકરનું સ્વરૂપ વિશેષ કહે છે :—

णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो।
सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा।।७।।

निःशेषदोषरहितः केवलज्ञानादि परमविभवयुतः।
स परमात्मोच्यते तद्विपरितो न परमात्मा।।८।।

શરીરમાં રહ્યા છતાં જે સંપૂર્ણદોષોથી રહિત છે અને જેણે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ અને અનંત વીર્યબળ પ્રગટ છે તે પરમાત્મા છે, તેનાથી વિપરીત અર્થાત્ જેનામાં આવા ગુણો પ્રગટ્યા નથી તે દેવ નથી. દેવ કેવા છે? આત્માના ગુણને રોકવામાં નિમિત્ત કારણ ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો હોવાથી સર્વ દોષ રહિત છે અને પૂર્ણ છે; પૂર્ણજ્ઞાન–દર્શન વગેરે ઊઘડી ગયા છે, પરમ વીતરાગ છે, તેમને ધર્મોપદેશ દેવાની પણ ઈચ્છા નથી, કે કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નથી, એવા અરિહંત પરમાત્મા હોય છે. જેમને કેવળજ્ઞાન પ્રગટતાં ત્રણલોકના જીવોને બે ઘડી સાતા થઈ જાય છે; સ્વરૂપનો પરમ આનંદ પ્રગટ્યો છે, એ આદિ અનેક અંતરંગવૈભવ જેમને પ્રગટ છે, એ જ સાચા દેવ છે.

લોકો લક્ષ્મી–મકાન વગેરેને વૈભવ માને છે, પણ તે આત્માનો વૈભવ નથી. આત્માનો વૈભવ તો આત્મામાં હોય. પર તરફનું વલણ ટળી અંતર સ્વરૂપમાં સ્થિરતા થતાં આત્માનો આનંદ પ્રગટે છે તે જ આત્માનો વૈભવ છે. આત્માથી જે જુદું હોય તે આત્માનો વૈભવ નથી. આત્મામાં ન હોય તે આત્માનો વૈભવ કેમ કહેવાય? પરનું મમત્વ છૂટીને નિર્મમત્વ થતાં આત્માનો વૈભવ અરિહંતને પ્રગટ્યો છે.

વળી ભગવાનને બહારમાં આઠ પ્રાતિહાર્ય છે, દિવ્યધ્વનિ, દેવ, દુદુંભી, છત્ર, ચામર વગેરે આઠ પ્રાતિહાર્ય છે. ભગવાન અરિહંત નિર્દોષ વૈભવ અને અતિશય યુક્ત

**હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯. –શ્રી નિયમસાર**

છે; તે ભગવાન કાર્ય પરમાત્મા છે. કાર્ય એટલે આત્માની પૂર્ણદશા પ્રગટી તે કાર્ય છે, તે જેમને પ્રગટ છે તે કાર્યપરમાત્મા છે.

હવે જે કાર્ય પ્રગટ્યું તેનું કારણ કોણ? કારણ આત્મ વસ્તુ છે તેમાં તો ત્રિકાળ આવરણ છે જ નહીં; તે નિરપેક્ષ છે. કોઈ કર્મનો પડદો વસ્તુને પરમાર્થે નથી. વર્તમાન અવસ્થા દૃષ્ટિએ આવરણ દેખાય છે તે ત્રિકાળી વસ્તુમાં નથી.

પ્રશ્ન :—વસ્તુદૃષ્ટિમાં આવરણ નથી દેખાતું એમ કહ્યું તો શું આવરણ સર્વથા ટળી ગયું છે?

ઉત્તર :—વસ્તુએ આવરણ હોય નહીં, વર્તમાન એક સમય પૂરતી વિકારી અવસ્થામાં ભાવબંધન છે, પણ વસ્તુ તો ત્રણેકાળ સંપૂર્ણ આવરણ રહિત છે–વસ્તુને આવરણ હોય નહીં. આવરણ કહ્યું ત્યાં અવસ્થા થઈ, આત્મા તો અનંતગુણની શક્તિનો પિંડ છે, વસ્તુમાં કે ગુણમાં આવરણ નથી, જો અવસ્થાને જુએ તો એક સમય પૂરતું આવરણ પર્યાયમાં છે. દ્રવ્ય તો શુદ્ધ જ છે; અરિહંતની પર્યાય પણ શુદ્ધ છે, તેથી કાર્ય પરમાત્મા છે, તે પૂર્ણ શુદ્ધ દશારૂપી કાર્યનું કારણ આત્મા જ છે.

પ્રશ્ન :—પર્યાય એક સમય પૂરતી જ કેમ? લાંબી કેમ નહીં?

ઉત્તર :—બે પર્યાય કદી ભેગી થતી જ નથી. એક પર્યાય જાય ત્યારે બીજી આવે છે; આત્મા વસ્તુ ત્રિકાળ છે, પર્યાયમાં એક સમય પૂરતી જ મલિનતા છે. વસ્તુ અને વસ્તુના ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. અવસ્થા એક સમયની છે તેમાં તે હાલત ઉપરનું વલણ એક સમય પૂરતું જ છે; ભૂત–ભવિષ્યની પર્યાયો તે ગુણમાં ગણાય છે. વર્તમાન પર્યાય જશે ત્યારે નવી આવશે; બે અવસ્થા એક સમયમાં થઈ જતી નથી.

પાણીની વર્તમાન અવસ્થા અગ્નિના સંયોગે ઉષ્ણ છે, તે ઊષ્ણતા વર્તમાન એક સમય પૂરતી જ છે, બીજા સમયની ઊષ્ણતા તે પહેલા સમયની ઊષ્ણતા નથી; જો પાણીની ઊષ્ણ અવસ્થા એક સમય પૂરતી ન હોય તો બીજે સમયે પાણી ઠરે નહીં; તેમ સંસારની મલિનતા પણ એક જ સમય પૂરતી છે, બીજે સમયે નવી મલિનતા કરે તો થાય છે. પહેલા સમયની મલિનતા તો બીજે સમયે ટળી જ જાય છે. તેરમા ગુણસ્થાનના પહેલે સમયે ચારઘાતિ કર્મોનો નાશ થતાં કેવળજ્ઞાન પ્રગટ્યું–તે એક જ સમયે પ્રગટ્યું છે.

**હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦. –શ્રી નિયમસાર**

એક સમય પૂરતી અવસ્થામાં અશુદ્ધતારૂપી સંસાર છે, તે વસ્તુમાં નથી; વસ્તુ કદી અશુદ્ધ થતી નથી વસ્તુમાં કોઈ નિમિત્ત નથી, વસ્તુ ત્રિકાળ શુદ્ધ નિરાવરણ છે, અવસ્થાદૃષ્ટિમાં બધા ભંગજાળ છે. અવસ્થા એક સમય પૂરતી છે, સમય સમય કરીને લાંબુ કરી મૂક્યું છે. આત્મામાં એક સમયનો અવસ્થા પૂરતો સંસાર છે તે વસ્તુદૃષ્ટિ થતાં પલટતાં વાર લાગતી નથી. (સંસાર અને સિદ્ધ દશા એવા બે ભેદો વસ્તુદૃષ્ટિમાં નથી.)

જેમ દીવો તો સદાય દીવો જ છે. પડદા વખતે પણ દીવો જ છે. પડદો વર્તમાન એક સમય પૂરતો છે, તે દીવાને નથી, જો દીવાને પડદો હોય તો તે ટળી શકે નહીં; પડદો ખસેડી લ્યો તો દીવો તો પ્રગટ જ છે, પડદા વખતે પણ પ્રગટ જ હતો. તેમ આત્મા તો સદાય શુદ્ધ જ છે. દ્રવ્ય તો સદાય પૂરી અવસ્થાથી જ ભરેલું છે. અધૂરી અવસ્થા એ તો પરની અપેક્ષા લેવામાં આવે ત્યારે કહેવાય છે. અવસ્થા પૂરતું આવરણ ટળ્યું ત્યાં પૂર્ણ પ્રગટ જ છે. જો વર્તમાન પૂર્ણ ન હોય તો સિદ્ધ દશામાં પૂર્ણતા આવે ક્યાંથી? વસ્તુને આવરણ હોય નહીં; આવરણ હોય તે વસ્તુ જ ન કહેવાય. આવરણ કહેતાં જ અવસ્થા આવે છે અને અવસ્થા તો બીજે સમયે બદલાઈ જાય છે. જો આત્માને આવરણ હોય તો વસ્તુનો જ અભાવ થઈ જાય, તેથી વસ્તુને આવરણ નથી, અવસ્થામાં આવરણ કહો તો તે અવસ્થા એક સમયની છે, તે બીજે સમયે પલટી જાય છે; પર્યાય પૂરતી વસ્તુ નથી. વસ્તુ તો, જે ત્રિકાળ એકરૂપ નિરાવરણ નિરપેક્ષ રહે છે તે છે. મલિન કે નિર્મળ પર્યાય એક સમયની છે. જો મલિન પર્યાય કાયમની હોય તો ટળે કેમ? મલિનતા તો એક સમયની પર્યાય પૂરતી છે, અને વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે. જો સંસાર પર્યાય એક સમય પૂરતી ન હોય તો તે ટળીને બીજે સમયે મોક્ષ થાય નહીં. મોક્ષની નિર્મળ અવસ્થા પણ એક સમય પૂરતી જ છે. સિદ્ધદશામાં પણ બે અવસ્થા ભેગી થતી નથી. નિર્મળ કે મલિન અવસ્થામાં તો પરની અપેક્ષા આવે છે, અને દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ, અપેક્ષા વગરનું છે. વસ્તુમાં મલિન કે નિર્મળ પર્યાયના ભેદ લાગુ પડતા નથી.

પર્યાય તે અભૂતાર્થ છે—ક્ષણિક છે, તે આશ્રય કરવા યોગ્ય નથી, ત્રિકાળ આવરણ રહિત સંપૂર્ણ વસ્તુ તે જ ભૂતાર્થ છે, તે જ આશ્રય કરવાયોગ્ય છે. અહા! વસ્તુ તે વસ્તુ! સ્વથી જ વસ્તુ તો પરિપૂર્ણ છે. વસ્તુને પરની અપેક્ષા જ લાગી શકતી નથી.

**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.** **–શ્રી નિયમસાર**

અપેક્ષા પર્યાયને લાગુ પડે છે. વસ્તુ તો નિરપેક્ષ છે, તે વસ્તુ જ કારણ પરમાત્મા છે, તે વસ્તુ ઉપર લક્ષ આપતાં પરમાત્મ પદ પ્રગટે છે તે કાર્ય છે, વસ્તુ જ તેનું કારણ છે તેથી અહીં વસ્તુનું વર્ણન લીધું છે. ભગવાન અરિહંતને પૂર્ણદશા પ્રગટ છે તેથી તે કાર્યપરમાત્મા છે. અંદર કારણ તો ત્રિકાળ છે, ગુણ અને વસ્તુ કાયમ એકરૂપ રહે છે, તેને નિમિત્ત, સંયોગ કે આવરણ હોઈ શકે નહીં.

વસ્તુને ત્રિકાળ રહેતાં કાળનું લંબાણ નથી બતાવવું પણ એકરૂપ નિરાવરણ છે એમ વસ્તુની પરિપૂર્ણતાનું માહાત્મ્ય બતાવવું છે.

શંકા :—વસ્તુને ત્રિકાળ નિરાવરણ કહી અને ત્રિકાળમાં વર્તમાન કાળ પણ ભેગો આવી ગયો, તો વર્તમાનમાં પણ બંધનનો નકાર કર્યો ને? એવો પ્રશ્ન કોઈને થાય તેનું સમાધાન :—

સમાધાન :—અહીં વસ્તુનું જ લક્ષ છે. વસ્તુનું લક્ષ અવસ્થાદ્વારા થાય છે. જે અવસ્થાથી લક્ષ કર્યું તે અવસ્થાનું લક્ષ નથી પણ દ્રવ્યનું લક્ષ છે; દૃષ્ટિના વિષયમાં પર્યાયનું લક્ષ જ નથી. વસ્તુ ત્રિકાળ છે; જ્યાં અવસ્થા વસ્તુ તરફ ઢળી અર્થાત્ અવસ્થાદ્વારા વસ્તુનું લક્ષ કર્યું કે ''હું શુદ્ધ ત્રિકાળ એકરૂપ નિરપેક્ષ દ્રવ્ય છું'' એમ પર્યાય દ્વારા નક્કી કર્યું–ત્યાં પર્યાયની દૃષ્ટિ જ ન રહી. વસ્તુને લક્ષમાં લેનાર જે પર્યાય છે–તે પર્યાયનું લક્ષ પણ નથી. અહીં ધ્રુવસ્વભાવ લીધો છે; જે અવસ્થાથી અંતરમાં ઢળ્યો તે અવસ્થા તો ધ્રુવસ્વરૂપમાં મળી ગઈ–તેમાં મલિનતા કે નિર્મળતાની અપેક્ષા નથી.

અરિહંતપદ પ્રગટ્યું તે કાર્ય છે, અવસ્થા છે–તે અવસ્થાનું લક્ષ નથી, પણ અવસ્થા આવી ક્યાંથી? અરિહંતપદ પ્રગટ્યું ક્યાંથી? અવસ્થા જે વસ્તુથી પ્રગટી તે વસ્તુ તો નિત્ય એકરૂપ છે. વસ્તુ પોતાથી અપૂર્ણ, અશુદ્ધ કે દુઃખરૂપ હોઈ શકે નહીં. વસ્તુ તો આનંદમય શુદ્ધ જ છે, એક સ્વરૂપ છે, બંધ–મોક્ષના ભેદ તેમાં નથી, એ વસ્તુ તે કારણ છે અને તેના લક્ષે નિર્મળ પર્યાય પ્રગટે છે તે કાર્ય છે; એટલે નિર્મળ પર્યાયનું કારણ તો ત્રિકાળ એકરૂપ વસ્તુ છે.

સોનું સોનાપણે એકરૂપ જ છે, ગમે તે અવસ્થામાં સોનું તો સોનું જ છે, પણ જો આકારની અવસ્થાદૃષ્ટિથી જુઓ તો તે અનેકરૂપે ભાસે છે; તેમ આત્માને જો ત્રિકાળી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદૃઢતા કારણે. ૮૨.** **–શ્રી નિયમસાર**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૪, ગુરુવાર)

આ બધી મૂળ રકમો કહેવાય છે. આ રકમોનું મૂળ સ્વરૂપ ન જાણે તો તે જૈન નથી, પછી શ્રાવક કે સાધુ તો હોય જ ક્યાંથી?

પ્રશ્ન :—દર વર્ષે દાદાની જાત્રા કરવા જઈએ છતાં પણ શ્રાવક નહીં?

ઉત્તર :—ડુંગર ઉપર ચડ્યાં કે મૂર્તિના દર્શન કર્યા તેથી કાંઈ ધર્મ થઈ જતો નથી, મૂર્તિમાં કે ડુંગરમાં કાંઈ આત્માનો ધર્મ ગરી ગયો નથી, એ તો નિમિત્તો છે. નિમિત્ત પણ ક્યારે કહેવાય? કે પોતાનું અક્રિય વીતરાગ સ્વરૂપ પોતે જાણે, પછી અપૂર્ણ દશામાં જે રાગ રહ્યો તે રાગનું એ નિમિત્ત છે. ખરેખર પોતાના પૂર્ણ પરમાત્મસ્વરૂપને સંભારે છે ત્યાં "અહો! આ જ પરમાત્મા છે" એમ મૂર્તિમાં વીતરાગની સ્થાપના કરે છે, તો એટલો મૂર્તિમાં આરોપ કરવો તે સ્થાપનાનિક્ષેપ કહેવાય છે. સ્થાપના એટલે સ્થાપન કરવું . થાપણ મૂકવી જેને તત્ત્વજ્ઞાન થાય તેને દેવ વગેરેની ઓળખાણ થાય અને તે સાચી ભક્તિ કરી શકે, પણ મૂળ સ્વરૂપનું જ જેને ભાન નથી તે સ્થાપના કોની કરશે? હજી જેને વીતરાગ ભગવાને કહેલા તત્ત્વોના નામની પણ ખબર નથી તે મૂળ તત્ત્વોનો નિર્ણય કરશે શી રીતે?

૪૪. અસમાનજાતિ :—આત્મા અને શરીર એ બન્ને અસમાન છે, જુદી જુદી વસ્તુઓ છે. તે બન્નેના સંયોગે મનુષ્ય વગેરે પર્યાય કહેવી તે અસમાનજાતિ પર્યાય છે. શરીર અને આત્મા અસમાનજાતિ છે, તેથી આત્મા શરીરનું કાંઈ ન કરી શકે અને શરીરથી આત્માનું કાંઈ ન થાય. શરીરને આશ્રયે આત્મા ધર્મ કરી શકે નહીં, કેમકે તે બન્નેની જાત જુદી છે. આત્મા અરૂપી જાણનાર-સ્વરૂપ વસ્તુ છે તે દેહાદિ રૂપી જડ વસ્તુનું કાંઈ પણ કરી શકે નહિ, અને પરદ્રવ્યો આત્માનું કાંઈ કરે નહીં.

૪૫. વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય :—પરદ્રવ્યના નિમિત્તથી થતી વિકારી આકારની અવસ્થાને વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહે છે. આ પર્યાય જીવ અને પુદ્‌ગલોમાં જ હોય છે. વિભાવ=વિકારી, દ્રવ્ય=વસ્તુ, વ્યંજનપર્યાય= પ્રગટ અવસ્થા. મનુષ્ય, નારક, દેવ વગેરે જીવની વિભાવવ્યંજનપર્યાય છે, અને સ્કંધ તે પુદ્‌ગલની વિભાવવ્યંજનપર્યાય છે.

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.　　　—શ્રી નિયમસાર**

કોઈને એમ થાય કે એક કલાકમાં અનેક પ્રકારની વાત આવે, એમાં પકડવી કેટલી? તો મૂળ વસ્તુ સમજાવવા માટે બધા પડખાની વાતો આવે, છતાં જન્મ-મરણ ટાળવા માટે જેને સત્‌ની જિજ્ઞાસા અંતરથી જાગી છે તે મૂંઝાય નહીં. આ મૂળ રકમોનો નિર્ણય કર્યા વિના જન્મ-મરણ ટાળવાનો ઉપાય હાથ આવે નહીં.

૪૬. સ્વભાવવ્યંજનપર્યાય :—પરનિમિત્તના સંયોગ વગર પ્રદેશત્વગુણની જે પર્યાય થાય છે તેને સ્વભાવવ્યંજનપર્યાય કહેવાય છે; જીવની સિદ્ધપર્યાય અને એક છૂટો પરમાણુ તે સ્વભાવવ્યંજનપર્યાય છે.

૪૭. સ્વભાવઅર્થપર્યાય :—અગુરુલઘુગુણના પરિણમનને સ્વભાવપર્યાય અથવા તો સ્વભાવઅર્થપર્યાય કહે છે, તે સૂક્ષ્મ છે. ચોપડાના નામા મેળવવા માટે રાતે જાગીને પણ મેળ મેળવે છે, તો આ તો ભગવાનના ચોપડા સાથે નામું મેળવવું છે. આ મોંઘું માન્યું છે તેથી મોંઘું પડે છે, ખરેખર મોંઘું નથી. આ તો એના ઘરની વાત છે, ઘરની વાતને મોંઘી કેમ કહેવાય?

૪૮. શુદ્ધઅર્થપર્યાય :–પરની ઉપાધિ રહિત પ્રદેશત્વ ગુણ સિવાયના ગુણની પર્યાયને શુદ્ધઅર્થપર્યાય કહે છે. કેવળજ્ઞાન તે શુદ્ધઅર્થપર્યાય છે.

૪૯. અશુદ્ધઅર્થપર્યાય :—પરની ઉપાધિથી જે અવસ્થા થાય તે અશુદ્ધ-અર્થપર્યાય છે; રાગ–દ્વેષ તે પરની અપેક્ષાથી થાય છે, માટે તે અશુદ્ધઅર્થપર્યાય છે.

૫૦. સામાન્યગુણ :—જે ગુણ છએ દ્રવ્યોમાં હોય તેને સામાન્યગુણ કહે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ વગેરે સામાન્યગુણો છે તે બધી વસ્તુઓમાં હોય છે.

૫૧. વિશેષગુણ :—જે ગુણ બધા દ્રવ્યોમાં ન હોય એવા ગુણને વિશેષગુણ કહે છે. આત્માના જ્ઞાન, દર્શન વગેરે ગુણો છે તે બીજા દ્રવ્યોમાં નથી, તેથી જ્ઞાન, દર્શન વગેરે આત્માના વિશેષગુણો છે; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તે પુદ્‌ગલના વિશેષગુણો છે.

આ પ્રમાણે સર્વજ્ઞ ભગવાને કહેલ ૫૧ રકમોનો જ્યાં સુધી યથાર્થ નિર્ણય ન કરે ત્યાં સુધી તેને શ્રાવકપણું , મુનિપણું કે પચ્ચખાણ વગેરે કાંઈ હોઈ શકે નહિ, તે જૈન પણ નથી. કોઈ યથાર્થ તત્ત્વનિર્ણય ન કરે અને પોતાની કલ્પનાથી કે કોઈ અજ્ઞાની ગુરુના કહેવાથી તત્ત્વનું સ્વરૂપ ગમે તેમ કલ્પી બેસે તો તત્ત્વનિર્ણયમાં અનાદિનો ગોટો છે તે રહેશે, અને યથાર્થ તત્ત્વનિર્ણય વિના જન્મ-મરણ ટળશે નહીં.

**છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.** **–શ્રી નિયમસાર**

સર્વજ્ઞ ભગવાનને નિશ્ચય–વ્યવહારરૂપ બે પ્રકારના કથનને આશ્રયે બે જાતિના ગુણ હોય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા અને અશુભભાવ છોડાવવા માટે પરાશ્રિત વ્યવહારનું કથન ભગવાનની વાણીમાં પણ આવે. વ્યવહાર એટલે નિમિત્તથી કથન, અને નિશ્ચય એટલે પોતાથી કથન. વળી બાહ્ય અને અભ્યંતર એવા ભેદથી પણ બે પ્રકારના ગુણો સર્વજ્ઞને હોય છે. તેમાં જેટલા શરીરાશ્રિત ગુણથી ભગવાનને ઓળખાવવા, સ્તુતિ વગેરે કરવી તે બાહ્ય ગુણો છે એટલે કે કહેવામાત્ર છે. નિશ્ચયથી આત્માના એકેય ગુણો શરીરાશ્રિત નથી. આત્માના જ્ઞાન, દર્શન વગેરે ગુણો છે તે સ્વાશ્રિત જ છે–એ અભ્યંતર ગુણો છે. ભગવાનને સમોસરણથી ઓળખાવે અથવા સુંદર શરીર, દિવ્યવાણી વગેરેથી ઓળખાવે, પણ તે શરીર, વાણી વગેરે ખરેખર ભગવાનનું સ્વરૂપ નથી. ઘીનો ઘડો એ કહેવામાત્ર વ્યવહાર છે, કાંઈ ઘડો ઘીનો ન હોય, તેમ ભગવાનનું શરીર એમ વ્યવહારે બોલાય છે, ખરેખર ભગવાનને શરીર નથી, ભગવાન તો આત્મા છે.

ભગવાને કહેલા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ જુદું જુદું છે અને તેનું ફળ પણ જુદું જ છે. વ્યવહારનું ફળ સંસાર છે અને નિશ્ચયનું ફળ મોક્ષ છે. ભગવાનના ગુણના અભ્યુદય અને નિઃશ્રેયસ એવા પણ બે પ્રકાર છે. અભ્યુદય એટલે પુણ્યના ઠાઠ અને નિઃશ્રેયસ એટલે મોક્ષ. ખરેખર તો ભગવાનને પુણ્ય છે જ નહીં, એ તો પુણ્ય–પાપ રહિત વીતરાગ છે. વચન વિવક્ષાથી એટલે કે વચન દ્વારા કહી શકાય એવા સંખ્યાતા ગુણો આત્મામાં છે, અને વસ્તુ સ્વરૂપની અપેક્ષાએ અનંતગુણો છે, પણ અનંતગુણ વચનથી કહી શકાતા નથી.

મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમોને યથાર્થ નિર્ણય દ્વારા જાણ્યા વિના ભવનો અંત આવે નહીં. આમાં બહારનું કાંઈ કરવાનું ન આવ્યું પણ અંદરની સાચી સમજણ કરવા ઉપર વજન આવ્યું. પહેલાં સમજણ વગર કરશે શું? ઘરની બહાર નીકળવા માટે કઈ દિશા તરફ ચાલવું તેની આંધળા માણસને ખબર હોય નહીં, અને દિશા જાણ્યા વગર એમ ને એમ ચાલવા માંડે તો ભીંત સાથે ભટકાય. પણ જો કોઈ તેને દિશા બતાવે અને તેના પોતાના ખ્યાલમાં બેસે કે નાકની દાંડી સામે બરાબર બારણું છે, તો એ સમજણ થતાં ફટ તેના પગની ગતિ થાય અને મૂંઝવણ ટળી જાય. તેમ આ સંસારથી બહાર શી રીતે નીકળવું? આત્મા શું, તેનો ધર્મ ક્યાં થાય, શી રીતે થાય–એનો સાચો નિર્ણય કર્યા વિના પુરુષાર્થની ગતિ ક્યાં કરવી તેની મૂંઝવણ થયા કરે અને સંશય રહ્યા કરે, પણ સાચું સ્વરૂપ

> **જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
> **તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫. –શ્રી નિયમસાર**

જાણે તો તે તરફ પુરુષાર્થની ગતિ થાય અને સંશય ટળે. માટે સૌથી પહેલાં સાચી સમજણ કરવી જોઈએ.

અનાદિથી શરીરના પ્રપંચને પોતાનું જાણ્યું છે. જાણનાર પોતે પોતાને ન જાણતા પરમાં પોતાપણું માની બેઠો છે. તેણે અનાદિથી પોતા તરફ લક્ષ કર્યું નથી, એટલે પોતાની હયાતિ પરમાં, દેહમાં, દેહની ક્રિયામાં અને પુણ્ય-પાપમાં માની રહ્યો છે. શરીરાદિથી જુદું અંતરમાં પોતાનું ચૈતન્યસ્વરૂપ છે તે દેખાતું નથી એટલે બહારમાં લક્ષ કરી તેમાં સુખ-દુઃખની કલ્પના કરે છે અને પરથી લાભ-નુકશાન માને છે. આ રીતે આ જીવ અનાદિકાળથી સંસારમાં ભમતો મિથ્યાબુદ્ધિ વડે પર્યાયના પ્રપંચને સત્યરૂપ જાણી તેમાં મગ્ન થયો થકો પ્રવર્તે છે. લોકોમાં માન મળે એવી વાત ઝટ બેસી જાય છે. ધર્મના નામે અપાસરે જાય, ત્યાં આગળ બેસાડે અને ત્યાં મહારાજ કરે શેઠના વખાણ અને શેઠ કરે મહારાજના વખાણ, બન્ને સામસામા વખાણ કરે અને મોટપને પોષી તેમાં ધર્મ માની સંતોષાઈ જાય છે, એમ હા-હો-હરિફાઈમાં સલવાઈ જાય છે. એ બધા ઉપાય કરવા છતાં પણ દુઃખ તો કાયમ બની જ રહ્યું છે, કેમકે ખોટા ઉપાયથી દુઃખ ટળતું નથી. દુઃખનું મૂળ કારણ તો અજ્ઞાનજનિત ઈચ્છારૂપી રોગ છે, તે અનાદિનો છે. ઈચ્છારૂપી રોગ શું અને તે કેમ મટે એ તો જીવ જાણતો નથી અને અન્ય રીતે ઈચ્છારૂપી રોગ વધે તેવા ઉપાય કરે છે.

જેમ કોઈને મૃગીનો રોગ (વાઈનો રોગ) હોય તો તે રોગ કોઈવાર ઘણો પ્રગટ હોય અને કોઈવાર થોડો પ્રગટ હોય, પણ તે રોગ અંતરમાં તો રહ્યા જ કરે છે, નિરોગ થતો નથી. રોગીને ભય તો નિરંતર રહ્યા કરે છે, પણ પુણ્યનો ઉદય આવે અને પોતાના ઉપાયને ખોટા જાણે તો તે સાચા ઉપાયનો નિશ્ચય કરવાનો અભિલાષી થાય. રોગ મટાડવા માટે તે રોગ જેણે ટાળ્યો છે એવા સાચા ઉપાય બતાવનાર સાચા વૈદ્યને ગોતે, પછી "આ જ સાચા વૈદ્ય છે, એ મારો રોગ જરૂર ટાળશે" એવો તેનો વિશ્વાસ કરે અને પછી તે વૈદ્યના કહેવા પ્રમાણે ઉપચાર કરે તો રોગ જાય. તેમ આત્માને રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપી મહાન રોગ પોતાની ભૂલથી અનાદિનો લાગુ પડ્યો છે. જન્મ-મરણરૂપી રોગનું મૂળ કારણ અજ્ઞાન છે તે કેમ મટે તેની ઝંખના થતાં, અકષાય કરુણાના ભંડાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જે પરમવૈદ્ય છે તેને ઓળખે, તેમના કહેલા તત્ત્વોનો નિર્ણય કરે, અને પછી તેમનો કહેલો ઉપાય કરે તો રોગ ટળે, દુઃખ ટળે ને સુખી થાય. એ કઈ રીતે થાય તે કહેવાશે.

(ક્રમશઃ) ❊

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.** **–શ્રી નિયમસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૩. સંસારાનુપ્રેક્ષા

પહેલાં સંસારનું સામાન્ય સ્વરૂપ કહે છે :—

एक्कं चयदि सरीरं अण्णं गिण्हेदि णवणवं जीवो ।
पुणु पुणु अण्णं अण्णं गिण्हदि मुंचेदि बहुवारं ।।३२।।
एवं जं संसरणं णाणादेहेसु हवदि जीवस्स ।
सो संसारो भण्णदि मिच्छकसाएहिं जुत्तस्स ।।३३।।

**અર્થ :—**મિથ્યાત્વ અર્થાત્ વસ્તુનું સર્વથા એકાંતરૂપ શ્રદ્ધાન કરવી અને કષાય એટલે ક્રોધ-માન-માયા-લોભ—એ સહિત આ જીવને અનેક દેહોમાં જે સંસરણ અર્થાત્ ભ્રમણ થાય છે તેને 'સંસાર' કહીએ છીએ, તે કેવી રીતે? એ જ કહીએ છીએ :— એક શરીરને છોડી અન્યને ગ્રહણ કરે; વળી પાછો નવું શરીર ગ્રહણ કરી, પાછો તેને પણ છોડી, અન્યને ગ્રહણ કરે; એ પ્રમાણે ઘણી વાર ( શરીરને) ગ્રહણ કર્યા જ કરે તે જ સંસાર છે. ૩૨-૩૩.

હું પરનું કરું, પર મારું કરે, પુણ્યથી મને ધર્મ થાય—એવી ઊંધી માન્યતા તે મિથ્યાત્વ છે. વસ્તુસ્વરૂપની ઊંધી માન્યતાથી અને ક્રોધ-માન-માયા-લોભ-કષાયથી જીવને સંસારમાં પરિભ્રમણ થાય છે. જુઓ, કર્મ જીવને સંસારમાં નથી રખડાવતું, પણ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવથી જ સંસારમાં રખડે છે. ઊંધી માન્યતા અને રાગ-દ્વેષને લીધે જીવ એક દેહમાંથી બીજા દેહમાં જે ભ્રમણ કરી રહ્યો છે તેનું નામ સંસાર છે. જીવો અજ્ઞાનભાવે મરતાં-મરતાં ઝૂરે છે, પણ ભાઈ! કોણ તને રાખે તેમ છે? અજ્ઞાનભાવે અનંત-અનંત દેહ ધારણ કર્યા ને છોડ્યા; અંદર દેહરહિત ચિદાનંદ તત્ત્વ શું છે? તેનું ભાન કદી કર્યું નથી. અંદર વિકારરહિત ચૈતન્યસ્વરૂપ છે તેનું ભાન કર ને તેનું શરણ કર, તો સંસાર પરિભ્રમણ ટળે. બહારમાં નવા-નવા શરીરનું ગ્રહણ કરીને જીવ પરિભ્રમણ કરે

જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭. —શ્રી નિયમસાર

છે, તેનું નામ સંસાર છે, ત્યાં ખરેખર તો જે ભાવથી નવા દેહનું ગ્રહણ થાય તે વિકારી ભાવ જ સંસાર છે, ત્યાં ખરેખર તો જે ભાવથી નવા દેહનું ગ્રહણ થાય તે વિકારી ભાવ જ સંસાર છે. અરે ભાઈ! ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં માંડ-માંડ મનુષ્યભવ પામ્યો, તેમાં જો આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન ન કર્યું તો ફરી અનંત સંસારના દુઃખમાં ક્યાંય આરો આવે તેમ નથી. અજ્ઞાન ભાવથી ચારે ગતિમાં જીવ દુઃખ જ ભોગવે છે. ચારેય ગતિમાં દુઃખ જ છે, તેનું હવે વર્ણન કરે છે :—

पाव-उदयेण णरए जायदि जीवो सहेदि बहुदुक्खं ।
पंचपयारं विविहं अणोवमं अण्णदुक्खेहिं ।।३४।।

**અર્થ :**—પાપના ઉદયથી આ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે; ત્યાં પાંચ પ્રકારથી નાના પ્રકારનાં ઉપમારહિત એવા ઘણાં દુઃખ સહન કરે છે. ૩૪.

માંસ ખાય, ઈંડા ખાય, દારૂ પીએ ઈત્યાદિ મહાપાપો કરવાથી જીવ નરકમાં જાય છે, ત્યાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખોને ભોગવે છે. જેણે અજ્ઞાન ટાળ્યું નથી, તેને અનંતવાર નરકાદિના ભવ થયા વિના રહેવાના નથી. અહો ! હું તો ચૈતન્ય સ્વભાવ ! મારા સ્વભાવમાં ભવ નથી. આવું જેને ભાન નથી તે જીવો સ્વર્ગમાં પણ દુઃખી છે ને નરકમાં પણ દુઃખી છે. નરકના દુઃખો સાંભળીને તેનાથી ભય પામે અને સ્વર્ગના ભવની પ્રીતિ કરે, તો તે જીવે ખરેખર ભવરહિત સ્વભાવ જાણ્યો નથી અને તેણે ચારગતિમાં દુઃખ માન્યું નથી. અહીં તો કહે છે કે જેને ચારે ગતિ દુઃખરૂપ લાગે તે જીવ અંદર ચિદાનંદસ્વરૂપનું ભાન કરીને તેનું શરણ કરે. ચૈતન્યના ભાન વગર પુણ્ય કરીને સ્વર્ગે જાય કે પાપ કરીને નરકે જાય તે બધા જીવો દુઃખી-દુઃખી જ છે.

મિથ્યાત્વ સહિતના જે તીવ્ર ક્રોધાદિ પરિણામો છે તે નરકનું કારણ છે. સર્વજ્ઞના માર્ગની નિંદા કરે, શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરે, તેમનો વિરોધ કરે એવા અધમ પરિણામથી જીવ નરકમાં જાય છે. જેણે આત્માની દરકાર કરી નથી એવા જીવને સંસારમાં રખડતાં આવા પરિણામ પણ આવે છે ને તે નરકમાં જાય છે, માટે તું તારા આત્મ સ્વભાવને ઓળખીને આવા પરિણામ છોડ. ચારે ગતિરૂપ ભવ મારા સ્વભાવમાં છે જ નહિ. હું તો જ્ઞાન છું, જ્ઞાનમાં ભવ હોય નહિ—આવું ભાન કર્યા વિના ચારગતિનું ભવભ્રમણ અટકે નહિ.

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮. –શ્રી નિયમસાર**

બાર અનુપ્રેક્ષામાં સંસાર અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. સંસાર ભાવના કોણ ભાવી શકે? કે આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર અને પરિભ્રમણ છે તે સંસાર છે. જ્ઞાનસ્વભાવમાં દુઃખ નથી—એવા જ્ઞાનસ્વભાવના ભાનપૂર્વક સંસારનાં દુઃખનું ચિંતન કરીને ધર્મી જીવ વૈરાગ્ય વધારે છે.

સંસારની ચારે ગતિમાં દુઃખ છે. તીવ્ર પાપ પરિણામવાળો જીવ નરક ગતિમાં જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના તીવ્ર વિરોધના પરિણામ આવી જાય તો જીવ સીધો નરકમાં જાય. સર્વજ્ઞને એક સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એક સાથે હોય છે, તેને બદલે એક સમયે જ્ઞાન ને બીજા સમયે દર્શન એમ માને તો તે કેવળી ભગવાનનો અવર્ણવાદ કરે છે. સર્વજ્ઞ અરિહંત પરમાત્માને આહારાદિ ન હોય, છતાં મનાવે તો તે દેવની નિંદા કરે છે. અહો! જગતના જીવોને પરમ હિતનો ઉપાય જે ધર્મ એનાથી વિપરીત સ્વરૂપ મનાવીને અહિતના માર્ગની પ્રરૂપણા કરે તે જીવ અનંત સંસારના કારણરૂપ મહાપાપ બાંધે છે. તીવ્ર અશાતનાભાવથી નરકમાં જાય છે. મહા વીતરાગી દિગંબર સંત તે મુનિ છે તેવા સંતની મહા વિરાધના કરે તો નરકમાં જાય. અનાદિથી સર્વજ્ઞ પરંપરામાં ચાલ્યા આવતા જે દેવ-ગુરુ-શાસ્ત્ર તેનો તીવ્ર વિરોધ કરે એવા મિથ્યાદ્દષ્ટિને નરકનું આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શન પછી નરકનું આયુષ્ય બંધાય જ નહિ. નરકમાં ખરેખર સંયોગનું દુઃખ નથી પણ જીવના તીવ્ર પાપ પરિણામનું દુઃખ છે. અંદરના તીવ્ર સંક્લેશ પરિણામને લંબાવે છે તેથી જ દુઃખ છે, પણ અહીં નિમિત્તથી—સંયોગથી વર્ણન કર્યું છે.

જે જીવ અધમ હોય—ઘણા જીવોનું અહિત થાય તેવું ચિંતવતો હોય તે નરકમાં જાય છે. વળી કુબુદ્ધિ જીવો નરકમાં જાય છે. કુતર્ક અને કુયુક્તિ કરીને અસત્‌ને સ્થાપે ને સત્‌ની નિંદા કરે—તે ખોટા નરકનું કારણ છે. એ જ પ્રમાણે કૃતઘ્ની એટલે ઉપકારનો ઓળવનાર અને તીવ્ર શોક પરિણામી તથા તીવ્ર આર્ત્ત-રૌદ્રધ્યાન કરનારો જીવ મરીને નરકમાં જાય છે. તે નરકમાં ઘણા તીવ્ર દુઃખને વેદે છે. અહીં તે દુઃખોનું વર્ણન કરે છે :— (ક્રમશઃ) ❋



તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,
તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯. –શ્રી નિયમસાર

# શ્રાવકનાં વ્રતોનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સમ્યગ્દષ્ટિ–પંચમગુણસ્થાની શ્રાવક એનો રાગ કેટલો ઘટી ગયો હોય! ને એનો વિવેક કેટલો હોય! એકાવતારી ઇન્દ્ર અને સર્વાર્થસિદ્ધિના દેવો કરતાં ય ઊંચી જેની પદવી, એના વિવેકની ને એના મંદરાગની શી વાત! અંદર શુદ્ધાત્માને દૃષ્ટિમાં લઈને સાધી રહ્યા છે ને પર્યાયમાં રાગ ઘણો ઘટી ગયો છે. મુનિ કરતાં થોડીક જ ઓછી એની દશા છે.–આવી શ્રાવકદશા અલૌકિક છે.

આ દેશવ્રત-ઉદ્યોતન એટલે શ્રાવકનાં વ્રતનું પ્રકાશન ચાલે છે. સૌથી પહેલાં સર્વજ્ઞદેવે કહેલા ધર્મની ઓળખાણ કરવાનું કહ્યું, પછી સમ્યગ્દષ્ટિ એકલો પણ મોક્ષમાર્ગમાં શોભે છે એમ કહીને સમ્યક્ત્વની પ્રેરણા કરી; ત્રીજી ગાથામાં સમ્યગ્દર્શનને મોક્ષવૃક્ષનું બીજ કહીને, તેની દુર્લભતા બતાવી, તથા યત્નપૂર્વક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તેની રક્ષા કરવાનું કહ્યું. સમ્યક્ત્વ પામીને પછી મુનિધર્મનું કે શ્રાવકધર્મનું પાલન કરવાનો ઉપદેશ આપ્યો, તેમાં શ્રાવકનાં હંમેશનાં છ કર્તવ્ય પણ બતાવ્યાં. હવે શ્રાવકનાં વ્રતોનું વર્ણન કરે છે—

(शार्दूलविक्रीडित)

**दृङ्मूलव्रतमष्टधा तदनु च स्यात्पञ्चधाणुव्रतं ।**
**शीलाख्यं च गुणव्रतत्रयमतः शिक्षाश्चतस्रः पराः ।।**
**रात्रौ भोजनवर्जनं शुचिपटात् पेयं पयः शक्तितो ।**
**मौनादिव्रतमप्यनुष्ठितमिदं पुण्याय भव्यात्मनाम् ।।५।।**

અર્થ :—સમ્યગ્દર્શનની સાથે આઠ મૂળગુણ, ત્યાર પછી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એ રીતે આ સાત શીલવ્રત, રાત્રે ભોજનનો પરિત્યાગ, પવિત્ર વસ્ત્રથી ગાળેલા પાણીનું પીવું, તથા શક્તિ અનુસાર મૌનવ્રત આદિ; આ બધું આચરણ ભવ્ય જીવોને પુણ્યનું કારણ થાય છે. ૫.

શ્રાવક સમ્યગ્દર્શનપૂર્વક આઠ મૂળગુણનું પાલન કરે; તથા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત—એ સાત શીલવ્રત;—એમ કુલ બાર વ્રત; રાત્રિભોજન-

> **મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
> **સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.** –શ્રી નિયમસાર

પરિત્યાગ, પવિત્ર વસ્ત્રથી ગળેલા જળનું પીવું તથા શક્તિઅનુસાર મૌનાદિ વ્રતનું પાલન કરવું;—આ બધા આચરણ ભવ્યજીવોને પુણ્યનું કારણ છે.

જુઓ, આમાં બે વાત કરી. એક તો દૃગ્ એટલે સૌથી પહેલાં સમ્યગ્દર્શન હોય એ વાત કરી; ને બીજું આ બધા શુભઆચરણ તે પુણ્યનું કારણ છે, એટલે કે આસ્રવનું કારણ છે, મોક્ષનું કારણ નહિ. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શનપૂર્વક જેટલી વીતરાગતા થઈ તે જ છે.

જેને આત્મભાન થયું છે, કષાયોથી ભિન્ન આત્મભાવ અનુભવ્યો છે, પૂર્ણ વીતરાગતાની ભાવના છે, પણ હજી પૂર્ણ વીતરાગતા નથી થઈ, ત્યાં શ્રાવકપણામાં તેને કેવું આચરણ હોય તે અહીં બતાવ્યું છે. જેમ સ્વયં ગતિવંતને ધર્માસ્તિકાય નિમિત્ત છે તેમ સ્વાશ્રિત શુદ્ધતા વડે જેણે મોક્ષમાર્ગમાં ગમન કર્યું છે એવા જીવને વચ્ચેની ભૂમિકામાં આવા વ્રતાદિ શુભઆચરણ નિમિત્તરૂપે હોય છે. સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાનથી શુદ્ધતા શરૂ થઈ છે—નિશ્ચયમોક્ષમાર્ગના અંશની શરૂઆત થઈ ગઈ છે, પછી પાંચમે ગુણસ્થાને શુદ્ધતા વધી ગઈ છે ને રાગ ઘણો ઘટી ગયો છે; તે ભૂમિકામાં જે શુભરાગ રહ્યો તેના આચરણની મર્યાદા કેવી છે ને તેમાં કેવાં વ્રત હોય છે તે બતાવ્યું છે. આ શુભરાગનું આચરણ શ્રાવકને પુણ્યબંધનું કારણ છે. એટલે ધર્મી જીવ અભિપ્રાયમાં આવા રાગને પણ કર્તવ્ય માનતા નથી. રાગના એક અંશને પણ ધર્મી જીવ મોક્ષમાર્ગ માને નહિ એટલે તેને કર્તવ્ય માને નહિ. પણ વ્યવહારમાં અશુભથી બચવા શુભને કર્તવ્ય કહેવાય; કેમકે તે ભૂમિકામાં તેવા ભાવો હોય છે.

જ્યાં શુદ્ધતાની શરૂઆત થઈ છે પણ પૂર્ણતા નથી થઈ ત્યાં વચ્ચે સાધકને મહાવ્રત કે દેશવ્રતના પરિણામ હોય છે; પણ જેને હજી શુદ્ધતાનો અંશ પ્રગટ્યો નથી, જેને પરના કર્તૃત્વની બુદ્ધિ છે, જે રાગને મોક્ષમાર્ગ માને છે તેને તો મિથ્યાત્વનું શલ્ય ઊભું છે, એવા શલ્યવાળા જીવને વ્રત હોતાં નથી, કેમકે વ્રતી તો નિઃશલ્ય હોય છે,—'निःशल्यो व्रती।' એ ભગવાન ઉમાસ્વામીનું સૂત્ર છે. જેને મિથ્યાત્વશલ્ય ન હોય, જેને માયાશલ્ય ન હોય, જેને નિદાનશલ્ય ન હોય; તેને જ પાંચમું ગુણસ્થાન ને વ્રતીપણું હોય.

પહેલી વાત દગ્ એટલે સમ્યગ્દર્શનની છે, સર્વજ્ઞદેવની ઓળખાણપૂર્વક સમ્યગ્દર્શન હોવું તે પહેલી શરત છે, પછી આગળની વાત છે. શ્રાવકને સમ્યગ્દર્શનપૂર્વક અષ્ટમૂળગુણનું પાલન નિયમથી હોય.

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**　　　**–શ્રી નિયમસાર**

વડના ટેટા, પીપર, કઠુમર, ઉમર તથા પાકર એ પાંચે ક્ષીરવૃક્ષને ઉદમ્બર કહે છે, તે ત્રસહિંસાના સ્થાન છે તેનો ત્યાગ, તથા ત્રણ 'મ'કાર એટલે કે મધ, માંસ ને મદિરા એ ત્રણનો નિયમથી ત્યાગ તે અષ્ટમૂળગુણ છે; અથવા પાંચ અણુવ્રતનું પાલન તે મધ–માંસ–મધુનો નિરતિચાર ત્યાગ તે શ્રાવકના આઠ મૂળગુણ છે; તે તો દરેક શ્રાવકને નિયમથી હોય,–મનુષ્ય હો કે તિર્યંચ હો, પુરુષ હો કે સ્ત્રી હો. અઢીદ્વીપ બહાર તિર્યંચોમાં અસંખ્યાતા સમ્યગ્દ્રષ્ટિ છે તેમ જ શ્રાવકો -પંચમગુણસ્થાની પણ અસંખ્યાતા છે. સમ્યગ્દષ્ટિને જેવો શુદ્ધસ્વભાવ છે તેવો પ્રતીતમાં આવી ગયો છે ને પર્યાયમાં તેવું અલ્પ શુદ્ધપરિણમન થયું છે. શુદ્ધસ્વભાવની શ્રદ્ધાના પરિણમનપૂર્વક શુદ્ધતાનું પરિણમન હોય છે; ને એવી શુદ્ધિ સાથે શ્રાવકને આઠ મૂળગુણ, ત્રસહિંસાના અભાવરૂપ પાંચ અણુવ્રત, રાત્રિભોજન–ત્યાગ, વગેરે હોય છે. તે સંબંધી શુભભાવ છે તે પુણ્યનું ઉપાર્જન કરનાર છે, —'पुण्याय भव्यात्मनाम्' કોઈ તેને મોક્ષનું કારણ માની લ્યે તો તે ભૂલ છે. શ્રી ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્રમાં પણ શુભઆસ્રવના પ્રકરણમાં વ્રતોનું વર્ણન કર્યું છે; તેને કાંઈ સંવર તરીકે નથી વર્ણવ્યા.

અહીં શ્રાવકને મધ–માંસ વગેરેનો ત્યાગ હોવાનું કહ્યું, પરંતુ એ ધ્યાન રાખવું કે પહેલી ભૂમિકામાં સાધારણ જિજ્ઞાસુને પણ મધ-માંસ-મધુ-રાત્રિભોજન વગેરે તીવ્ર પાપના સ્થાનોનો તો ત્યાગ હોય જ, ને શ્રાવકને તો પ્રતિજ્ઞાપૂર્વક-નિયમથી તેનો ત્યાગ હોય છે.

રાત્રિભોજનમાં ઘણી ત્રસહિંસા થાય છે; તેથી શ્રાવકને તેનો ત્યાગ હોય. એ જ રીતે અણગળ પાણીમાં પણ ત્રસજીવો હોય છે. શુદ્ધ અને જાડા કપડાથી ગળીને પછી જ શ્રાવક પાણી પીએ. મેલાં કપડાથી પાણી ગળે તો તો તે કપડાના મેલમાં જ ત્રસ જીવ હોય, માટે કહ્યું કે શુદ્ધ વસ્ત્રથી ગળેલું પાણી પીવાના કામમાં લ્યે. રાત્રે તો પાણી પીએ નહિ ને દિવસે ગળીને પીએ. રાત્રે ત્રસ જીવોનો ઘણો સંચાર હોય છે, એટલે રાત્રિના ખાન-પાનમાં ત્રસજીવોની હિંસા થાય છે. જેમાં ત્રસહિંસા હોય એવા કોઈ કાર્યનાં પરિણામ વ્રતી-શ્રાવકને હોઈ શકે નહિ.

ભક્ષ્ય-અભક્ષ્યના વિવેક વગર કે દિવસ–રાતના વિવેક વગર ગમે તેમ વર્તતો હોય ને કહે કે અમે શ્રાવક છીએ,—પણ ભાઈ! શ્રાવકને તો કેટલો રાગ ઘટી ગયો હોય? એનો વિવેક કેટલો હોય? એકાવતારી ઈન્દ્ર અને સર્વાર્થસિદ્ધિના દેવો કરતાંય ઊંચી જેની પદવી,—એના વિવેકની ને એના મંદરાગની શી વાત? અંદર શુદ્ધાત્માને

**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨. –શ્રી નિયમસાર**

દૃષ્ટિમાં લઈને સાધી રહ્યા છે, ને પર્યાયમાં રાગ ઘણો જ ઘટી ગયો છે. મુનિ કરતાં થોડીક જ ઓછી એની દશા છે.—આવી શ્રાવકદશા અલૌકિક છે. ત્યાં ત્રસહિંસાના ભાવ કેવા? ને અંદર ત્રસહિંસાના ભાવ ન હોય એટલે બહારમાં પણ એવું ત્રસહિંસાનું આચરણ સહેજે ન જ હોય,—એવો મેળ છે. અંદર ત્રસહિંસાના પરિણામ ન હોય ને બહાર હિંસાની ગમે તેવી પ્રવૃત્તિ થયા કરે એમ ન હોય. કોઈ કહે બધું અભક્ષ ખાવું ખરું પણ ભાવ ન કરવા,—તો એ સ્વચ્છંદી છે, પોતાના પરિણામનો એને વિવેક નથી. ભાઈ, જ્યાં અંદરથી પાપના ભાવ છૂટી ગયા ત્યાં, 'બહારમાં પાપની ક્રિયા ભલે હોય' એવી ઊંધી વૃત્તિ ઊઠે જ કેમ? મોઢામાં કંદમૂળ ભચડતો હોય ને કહે કે અમને રાગ નથી,—એ તો સ્વચ્છંદતા છે. ભાઈ, આ તો વીતરાગનો માર્ગ છે. તું સ્વચ્છંદપૂર્વક રાગનું સેવન કર ને તને વીતરાગમાર્ગ હાથમાં આવી જાય–એમ બને નહિ. સ્વચ્છંદથી રાગને સેવે ને પોતાને મોક્ષમાર્ગી માની લ્યે એને તો દૃષ્ટિ પણ ચોખ્ખી નથી, સમ્યગ્દર્શન જ નથી, ત્યાં શ્રાવકપણાની કે મોક્ષમાર્ગની વાત કેવી? બીડી-તમાકુના વ્યસન કે વાસી અથાણાં-મુરબ્બા એ બધામાં ત્રસહિંસા છે. શ્રાવકને તેનું સેવન હોય નહિ. એ પ્રમાણે ત્રસહિંસાના જેટલા સ્થાનો હોય, જ્યાં જ્યાં ત્રસહિંસાનો સંભવ હોય તેવાં આચરણ શ્રાવકને હોય નહિ–એમ સમજી લેવું.

મધ, માંસ અને મધુ અર્થાત્ દારૂ, તથા પાંચ પ્રકારના ઉદમ્બર ફળ, તેનો ત્યાગ તો શ્રાવકને પ્રથમ જ હોય—એમ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે. જેનો એને ત્યાગ નથી તેને વ્યવહારથી પણ શ્રાવકપણું નથી અને તે ધર્મ શ્રવણને પણ યોગ્ય નથી. સમન્તભદ્રસ્વામીએ રત્નકરંડશ્રાવકાચારમાં ત્રસહિંસાદિના ત્યાગરૂપ પાંચ અણુવ્રતનું પાલન તથા મધ-માંસ-મધુનો ત્યાગ –એ પ્રમાણે અષ્ટમૂળગુણ કહ્યા છે. મૂળ તો બંનેમાં ત્રસહિંસાને લગતા તીવ્ર પાપપરિણામોના ત્યાગની વાત છે. જે ગૃહસ્થને સમ્યગ્દર્શનપૂર્વક પાંચ પાપના ને ત્રણ 'મ'કારના ત્યાગની દૃઢતા થઈ તેને સમસ્ત ગુણરૂપી મહેલનો પાયો નંખાયો. અનાદિથી સંસારભ્રમણનું કારણ જે મિથ્યાત્વ અને તીવ્ર પાપ તેનો અભાવ થતાં જીવ અનેક ગુણગ્રહણને પાત્ર થયો, તેથી આ અષ્ટત્યાગને અષ્ટમૂળગુણ કહ્યા છે. ઘણા લોકો દવા વગેરેમાં મધ ખાય છે, પરંતુ માંસની જેમ મધને પણ અભક્ષ્ય ગણ્યું છે. રાત્રિભોજનમાં પણ ત્રસહિંસાનો મોટો દોષ છે. શ્રાવકને એવા પરિણામ હોય નહિ.

ભાઈ, અનંતકાળમાં તને આવો મનુષ્યઅવતાર મળ્યો તો તેમાં આત્માનું હિત કેમ

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩. –શ્રી નિયમસાર**


થાય —તેનો વિચાર કર. એક અંગુલ જેટલા ક્ષેત્રમાં અસંખ્યાતા ઔદારિક શરીર, એકેક શરીરમાં અનંતા જીવો; તે કેટલા? કે અત્યાર સુધીમાં જે અનંત સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા નિગોદ જીવો એકેક શરીરમાં છે; નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું ને તેમાં આવું મનુષ્યપણું ને જૈનધર્મનો આવો અવસર મળવો એ તો બહુ જ દુર્લભ છે. ભાઈ! તને તેની પ્રાપ્તિ થઈ છે તો આત્માની દરકાર કરીને મુનિદશા કે શ્રાવકદશા પ્રગટ કર. આવો અવસર ધર્મના સેવન વગર નિષ્ફળ ન ગુમાવીશ. સર્વજ્ઞપ્રભુએ કહેલો આત્માના હિતનો સાચો રસ્તો અનંતકાળે તે જોયો નથી, સેવ્યો નથી, તે માર્ગ અહીં સર્વજ્ઞ પરમાત્માના કેડાયત સંતો તને બતાવી રહ્યા છે. સતી રાજમતી, દ્રૌપદી, સીતાજી, બ્રાહ્મી–સુંદરી, ચંદના, અંજના તથા રામચંદ્ર, ભરત, સુદર્શન, વારિષેણકુમાર વગેરે શ્રાવકો પહેલાં રાજપાટમાં હતા ત્યારે પણ સંસારથી એકદમ ઉદાસીન હતા, તેઓ આત્માના ભાનપૂર્વક ધર્મનું સેવન કરતા હતા. એટલે કે ગૃહસ્થપણામાં થઈ શકે એવા ધર્મની (શ્રાવકધર્મની) આ વાત છે. પછી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા એ વિશેષ ઊંચી દશા છે, તે ગૃહસ્થપણામાં રહીને ન થઈ શકે, પણ ગૃહસ્થપણામાં રહીનેય જે સમ્યગ્દર્શનપૂર્વક શક્તિઅનુસાર વીતરાગધર્મનું સેવન કરે છે તે પણ અલ્પકાળે મુનિદશા ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષને પામશે. *(ક્રમશઃ)*

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)

દૃષ્ટિથી—વસ્તુદૃષ્ટિથી—ધ્રુવદૃષ્ટિથી જુઓ તો એકરૂપ જ છે, તેમાં પર્યાયના ભેદ નથી; જો પરની અપેક્ષા લ્યો તો ઊણી, અધૂરી કે પૂરી પર્યાય એવા ભેદ પડે છે.

સુખ સ્વરૂપ તો આત્મા પોતે જ છે. પૈસા હોવા કે ન હોવા તે સુખ કે દુઃખનું કારણ નથી, પણ અજ્ઞાની જીવ પૈસા ઉપરની મમતાના કારણે તેમાં સુખ કે દુઃખની કલ્પનામાત્ર કરે છે. પૈસા મળતાં (મમતાના કારણે) હર્ષના હિંડોળે ઝૂલે છે, અને પૈસા જતાં (મમતાના કારણે) રડે છે, પણ રડવું કોને માટે? અને ટળવું કોનું? પૈસા તો પર વસ્તુ છે, તે સુખદુઃખનું કારણ નથી. આ સમજતાં પૂર્ણ સ્વરૂપની રુચિ થાય, પરનો મહિમા ટળે અને સ્વરૂપનો મહિમા આવે તેનું નામ ધર્મ! આ રીતે અક્ષયત્રીજનું અક્ષયજ્ઞાન બતાવ્યું. (ક્રમશઃ)

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.** –**શ્રી નિયમસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૫

**તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી! ૧૫.**

**'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે!'**

આ ૧૫ મા બોલમાં વાણીની વાત છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર શ્રી તીર્થંકરદેવને દિવ્યધ્વનિ—પ્રધાન અવાજ—છૂટે છે તે જડ છે, તેમાં કાંઈ ચૈતન્યના ભાવ ભર્યા નથી.

પ્રશ્ન :—પણ નિમિત્તનૈમિત્તિક સંબંધ તો છે ને?

ઉત્તર :—નિમિત્તનૈમિત્તિક સંબંધનો અર્થ શો? વાણીમાં કાંઈ સર્વજ્ઞના ગુણો—અમૂર્તિક ભાવો—ભર્યા નથી. વાણીમાં તો સ્વ-પરને કહેવાની શક્તિના ભાવ ભર્યા છે, પણ છે એ જડરૂપે. છતાં શ્રીમદ્માં આવે છે :

**'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ;'**

પરમ શાંતરસસ્વરૂપ, પ્રભુ અમૃતસ્વરૂપ, ભગવાન શુદ્ધ જ્ઞાનસિંધુ, સુખસિંધુ, એ તો જીવનો ભાવ છે, પણ વીતરાગની વાણીમાં નિમિત્ત તરીકે સુખસિંધુને કહેવાના ભાવ છે. પરમશાંતરસસ્વરૂપ સુખસિંધુનો કોઈ અંશ વાણીમાં નથી, પણ વાણીમાં સુખસિંધુને—સ્વ-પરને—કહેવાની શક્તિ છે.

અહા! તીર્થંકરની વાણી જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! દિવ્યધ્વનિ છે તો જડની—ભાષાવર્ગણાની પર્યાય, તોપણ તીર્થંકરની કહેવી તે નિમિત્તનું કથન છે. આત્મા સુખસિંધુ, ચૈતન્યસિંધુ, અનંત ગુણોનો દરિયો છે, પ્રભુ! તેના ભાવનાં તળિયાં ઊંડા બહુ! તે ઊંડા ભાવોને બતાવનારી જિનેશ્વરી વાણી છે. 'વાચકવાચ્ય-નિયોગ'—

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫. –શ્રી નિયમસાર**

વાચક છે તે શબ્દો છે, અને વાચ્ય એ ભાવ છે. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તીર્થંકર ભગવાન જ્યારે સર્વજ્ઞ પરમાત્મા થાય છે ત્યારે વાણીમાં નિજ શક્તિથી સ્વપરની વાર્તા કહેવાની શક્તિવાળા પર્યાયો પ્રગટે છે. ભગવાન પોતે તો અલૌકિક વસ્તુ છે જ, પણ એમની વાણીને પણ એવી ઉપમા આપી છે કે—

**'અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ!'**

ભગવાન આત્મા અંદર છે તો ચૈતન્યસ્વરૂપ; તેને બતાવનારી વાણી જડ છે, તેમાં જ્ઞાન કે સુખની ગંધ નથી, છતાં તેને અમૃતવાણી કહી. નિમિત્ત તરીકે જ્ઞાનામૃતને બતાવનારી છે ને! દેહદેવળમાં બિરાજમાન આ ભગવાન આત્મા—ચાહે તો બાળક હો, વૃદ્ધ હો, પુરુષ હો કે સ્ત્રી હો—તે તો અતીન્દ્રિય જ્ઞાનાનંદનો દરિયો છે. અરે! પોતાની એવી મોટપ એને કઈ રીતે બેસે? અનાદિથી પામરતા માની છે ને! એ પ્રભુ આત્માને બતાવનારી અમૃતવાણી છે તો જડ, પણ તેને સાંભળવા ભગવાનના સમવસરણમાં વાઘ, સિંહ, નાગ, ઇંદ્રો ને ગણધરો તલસે છે. એ વાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ. ભગવાનની વાણીની અચિંત્ય મીઠાશ જોઈને દ્રાક્ષો જંગલમાં ચાલી ગઈ. અહા! કેવી ઉપમા આપી છે!

પ્રશ્ન :—પહેલાં ગામમાં હતી, તો ચાલી ગઈ ને?

ઉત્તર :—આ તો ઉપમા આપી છે. ત્રણ લોકના નાથ શ્રી જિનેશ્વરદેવ કે જેને હોઠ હાલ્યા વિના, કંઠ ધ્રૂજ્યા વિના, 'ૐ' એવી નિરક્ષરી ધ્વનિ ઊઠે—ઉપદેશામૃતની ધારા વહે, તેની તે વાણીની મીઠાશ જોઈને દ્રાક્ષો—અહા! ક્યાં આ વાણીની અદ્‌ભુત મીઠાશ ને ક્યાં અમારી તુચ્છ મીઠાશ! એમ શરમાઈને—વનવાસમાં ચાલી ગઈ.

અને ભગવાનની વાણીની મીઠાશ આગળ શેરડી પણ અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ. એ વાણી વસ્તુસ્વરૂપ સમજવામાં નિમિત્ત છે. એ વાણી ભગવાનને જ હોય, બીજાને—અજ્ઞાનીને—હોય નહિ. શાંતરસથી ભરેલો, વીતરાગમૂર્તિ, પ્રભુ આત્મા અંદર છે તેને બતાવનારી ભગવાનની વાણી છે.

શ્રીમદે કહ્યું છે કે—

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.** **–શ્રી નિયમસાર**

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

વીતરાગનાં વચનામૃત પરમ શાંતરસનું કારણ છે ને ભવરોગ નાશ કરવાનું ઔષધ છે—એ નિમિત્તથી કથન છે. ચોરાશી લાખ યોનિના અવતાર કરી કરીને અનાદિથી તું દુઃખી છો ભાઈ! તને તેની ખબર નથી. બહારની સગવડને—ઊજળાં ગામ, ઊજળાં મકાન, ઊજળું શરીર, ઊજળાં કપડાં, ઊજળા દાગીના, ઊજળું કુટુંબ, ઊજળા પૈસા—એ મસાણના ભભકાને—દેખીને તેની મહિમામાં પોતાની મહિમા ભૂલી ગયો કે હું કોણ છું! તે આત્મસ્વરૂપને બતાવનારી જિનેન્દ્રવાણીની મીઠાશ આગળ શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ!

જેનું શરીર પરમ-ઔદારિક છે, જેને જ્ઞાન-આનંદ આદિ બધી શક્તિઓ પૂર્ણ વિકસિત થઈ ગઈ છે, એવા ત્રિલોકીનાથ જિનેશ્વરદેવ પરમાત્માને દેહમાં વાણી પણ પરમ-અમૃત જેવી નીકળે છે.

પ્રશ્ન :—જૈનના બીજા સંપ્રદાયમાં તો ભગવાનને બીજી રીતે માને છે!

ઉત્તર :—તે લોકોને ફેરફાર થઈ ગયો છે. તીર્થંકર પ્રભુને તો જન્મે ત્યારથી શરીર પરમૌદારિક થઈ ગયું હોય છે, જન્મે ત્યારથી રોગ ન હોય, ઝાડો-પેસાબ ન હોય. તીર્થંકર કોને કહે બાપુ! એ વસ્તુ કોઈ જુદી જ છે. લોકોએ સાધારણ માણસ જેવા કલ્પી લીધા છે. લોકો ગાય છે ને—'માણસે પ્રભુ! તને માણસ જેવો મનાવ્યો...'

દેહની અંદર, છતાં દેહ આદિથી જુદો, આત્મા પ્રભુરૂપે બિરાજે છે. તે આનંદનો—અમૃતનો—સાગર છે, સ્વયંભૂ સુખસિંધુ છે. તું એવડો મહાન છો—એ તને ખબર નથી. એવા અમૃતના સાગરને બતાવનારી વાણી પણ અમૃત કહી દીધી. જિનેશ્વરદેવની એ વાણી કોઈ અલૌકિક છે.

**....'આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી!'**

ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ શ્રી સીમંધર પરમાત્મા હાલ બિરાજે છે મહાવિદેહમાં; મહાવીર આદિ તો સિદ્ધ થઈ ગયા—'णमो सिद्धाणं' પદ પામી ગયા. મહાવિદેહમાં ૨૦ તીર્થંકર બિરાજે છે તે 'णमो अरिहंताणं' પદમાં છે. એમના

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**　　**–શ્રી નિયમસાર**

આત્માની શી વાત કરવી! આ, વાણીવાળા અરિહંત લીધા છે; સિદ્ધને—અશરીરી પરમાત્માને—વાણી હોતી નથી.

અંદર ભગવાન આત્મા કોણ છે? દેહનાં રજકણ તો માટી છે. ભગવાન આત્મા તો ચૈતન્ય, આનંદ ને શાંતિના રસથી ભરેલો છે. બધા આત્મા આવા જ છે. અરે! એને કે દી પોતાની મોટપની ખબર મળે! આવા ભગવાન આત્માને બતાવનારી જિનેન્દ્રવાણીની મીઠાશ દેખી દ્રાક્ષ વનમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડી પિલાઈ ગઈ. ભગવાનની વાણીનો આવો મહિમા, તો એમના આત્માના મહિમાની તો શી વાત કરવી! પ્રભુને આત્મા પરમાત્મસ્વરૂપે પ્રગટ થઈ ગયો છે. એનો આત્મા એવો—તે એની વાણીને લઈને નથી, પણ પોતાના સ્વરૂપને લઈને છે. સ્વરૂપ એવું પ્રગટ્યું છે તેથી વાણી એવી છે એમ પણ નથી. સ્વરૂપ સ્વરૂપના કારણે છે અને વાણી વાણીના કારણે નીકળે છે, બાપુ!

હું તો આત્મા છું, જ્ઞાન ને આનંદથી ભરેલો સ્વયંભૂસિંધુ છું. અહા! મારાં તળિયાં લેનારાને સમ્યક્ આનંદનો સ્વાદ આવે એવો હું ભગવાન છું. અંદર ધ્રુવ તત્ત્વ જેણે સ્પર્શ્યું છે તેને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં—અનુભવમાં—પ્રમાણ, નય ને નિક્ષેપ લાગુ પડતાં નથી. એ તો વસ્તુને સિદ્ધ કરવા માટે બાહ્ય જ્ઞાનના નિમિત્ત તરીકે છે. ભગવાન આત્મા અંતરના ઉપયોગમાં જ્યારે જાય છે ત્યારે અનુભવમાં ત્યાં આગળ પ્રમાણ, નય ને નિક્ષેપની ગંધ પણ હોતી નથી. રાગાદિ ઉદયની તો ગંધ નથી પણ પ્રમાણ આદિના વ્યવહારની પણ ગંધ હોતી નથી. પૂર્ણાનંદના નાથના અનુભવકાળમાં તે વિકલ્પો હોતા નથી, તો પૂર્ણાનંદનો નાથ જ્યાં પૂર્ણ પરમાત્મપણે પ્રગટ થયો એના મહિમાની તો શી વાત કરવી! અરે! પોતાના સ્વરૂપનું માહાત્મ્ય કેટલું છે એ સાંભળ્યું નહિ—સમજ્યો નહિ અને બહારમાં ને બહારમાં રોકાઈ ગયો! બે-પાંચ લાખ ખરચે, વર્ષીતપ કરે, યાત્રા કાઢે, ઉપધાનમાં માળા પહેરાવે—આ બધું મેં કર્યું એમ જાણે ને માને. અરે ભાઈ! તેં એ કાંઈ કર્યું નથી; એ બધી ક્રિયાઓ તો રાગની છે.

અહા! જ્યાં ભગવાનની વાણીનો મહિમા આવો! તો ભગવાનના આત્માના અંદરના મહિમાની તો શી વાત કરવી! એ મહિમા તો કોઈ અદ્‌ભુત છે, અલૌકિક છે.

પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે
છું તે જ હું–ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮. –શ્રી નિયમસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—જે જીવ વસ્તુસ્વરૂપનો યથાર્થ નિશ્ચય નથી કરતો તેને શું થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે જીવ વસ્તુસ્વરૂપનો નિશ્ચય નથી કરતો તેનું ચિત્ત 'વસ્તુસ્વરૂપ કઈ રીતે હશે !'એવા સંદેહથી સદાય ડામાડોળ—અસ્થિર રહ્યા કરે છે. વળી સ્વ-પરના ભિન્નભિન્ન સ્વરૂપનો તેને નિશ્ચય નહિ હોવાથી પરદ્રવ્યને કરવાની ઈચ્છાથી તેનું ચિત્ત સદાય આકુળ રહ્યા કરે છે, તેમજ પરદ્રવ્યને ભોગવવાની બુદ્ધિથી તેમાં રાગ-દ્વેષ કરીને તેનું ચિત્ત સદાય કલુષિત રહ્યા કરે છે.—આ રીતે, વસ્તુસ્વરૂપના નિશ્ચય વગર જીવનું ચિત્ત સદાય ડામાડોળ અને કલુષિત વર્તતું હોવાથી, તેને સ્વદ્રવ્યમાં સ્થિરતા થઈ શકતી નથી. જેનું ચિત્ત ડામાડોળ અને કલુષિતપણે પરદ્રવ્યમાં જ ભમતું હોય તેને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર ક્યાંથી થાય ?—ન જ થાય, માટે જેને પદાર્થના સ્વરૂપનો નિશ્ચય નથી તેને ચારિત્ર હોતું નથી.

શ્રોતા :—વસ્તુના સ્વરૂપનો નિશ્ચય ક્યા પ્રકારે કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુના સ્વરૂપનો નિશ્ચય આ પ્રમાણે કરવો કે—આ જગતમાં હું સ્વભાવથી જ્ઞાયક જ છું; અને મારાથી ભિન્ન આ જગતના જડ-ચેતન સમસ્ત પદાર્થો તે મારાં જ્ઞેયો જ છે. વિશ્વના પદાર્થો સાથે માત્ર જ્ઞેય જ્ઞાયક સંબંધથી વિશેષ કંઈ પણ સંબંધ મારે નથી. કોઈ પણ પદાર્થ મારો નથી, ને હું કોઈના કાર્યનો કર્તા નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવ સામર્થ્યથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે પરિણમી રહ્યો છે. તેની સાથે મારે કાંઈ જ સંબંધ નથી.

જે જીવ આવો નિર્ણય કરે તે જ પર સાથેનો સંબંધ તોડીને નિજસ્વરૂપમાં ઉપયોગને જોડે, એટલે તેને જ સ્વરૂપમાં ચરણરૂપ ચારિત્ર થાય. આ રીતે ચારિત્ર માટે પહેલાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

શ્રોતા :—ન્યાયથી અને તર્કથી તો આ વાત બેસે છે પણ અંદર જવાની હિંમત કેમ ચાલતી નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એને પહોંચવા જોઈએ એટલો પુરુષાર્થ નથી એટલે બહારને બહાર ભટક્યા કરે છે. અંદર જવાની રુચિ નથી તેથી ઉપયોગ અંદર જતો નથી.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—આત્મસાક્ષાત્કાર માટે કાંઈ છોડવું જોઈએ ?

પૂજ્ય બહેનશ્રી :—બહારનું છોડવું જોઈએ એમ નથી. જ્યારે યથાર્થ મુનિદશા આવે છે ત્યારે બહારનું છૂટી જાય છે. તે પહેલાં તેને યથાર્થ જ્ઞાન થાય. આત્માને ઓળખે, તેમાં એકાગ્ર થાય તે બધું ગૃહસ્થાશ્રમમાં થાય. તે તેની રુચિ ફેરવી શકે છે; કારણ કે ભાવ ફેરવવા પોતાના હાથની વાત છે. બહારમાં ગૃહસ્થાશ્રમ હોય તો પણ અંતરની રુચિ ફેરવી નાખવી કે આ જે અનેક જાતના વિકલ્પો આવે છે તે મારું સ્વરૂપ નથી, હું તેનાથી જુદો છું. ગૃહસ્થાશ્રમમાં એટલું કરીને પોતાના સ્વભાવને ઓળખી શકે છે. હું ચેતન છું. મારામાં આનંદ છે, વિભાવમાં આનંદ નથી એવું ભેદજ્ઞાન કરી વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ કરી શકે છે. આવું ગૃહસ્થાશ્રમમાં કરી શકે છે. પછી સ્વાનુભૂતિ વધતાં વધતાં તેને ત્યાગ થઈ જાય છે. ગૃહસ્થાશ્રમમાં સ્વાનુભૂતિ કરી પ્રથમ અંતરથી ન્યારો થઈ જાય છે. આગળ ચક્રવર્તીઓ ગૃહસ્થાશ્રમમાં રહીને આત્માની સ્વાનુભૂતિ કરતા હતા. ક્ષણવાર આત્માનું ધ્યાન થાય એવું ગૃહસ્થાશ્રમમાં તેમને થતું હતું.

શ્રોતા :—આ કાળમાં મહાવિદેહક્ષેત્રમાં ન જઈ શકાય ?

પૂજ્ય બહેનશ્રી :—અત્યારે ન જઈ શકાય; પણ ઘણાં વર્ષો પહેલાં એક કુંદકુંદાચાર્ય થયા હતા કે જેમનાં શાસ્ત્રો અત્યારે પણ સ્વાનુભૂતિ પ્રગટ થવામાં નિમિત્ત થાય એવાં છે, મૂળ માર્ગ બતાવે છે. તેમનાં શાસ્ત્રો ઉપર ગુરુદેવે પ્રવચનો કર્યાં છે. તે કુંદકુંદાચાર્યદેવ ઘણાં વર્ષો પહેલાં મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા. તે આચાર્યદેવને ધ્યાનની અંદર ભગવાનનાં દર્શનની એવી તીવ્ર વેદના થઈ કે અત્યારે ભગવાનના સાક્ષાત્ દર્શન નથી. ત્યાં તેઓ કંઈક લબ્ધિથી કે દેવો આવીને મહાવિદેહક્ષેત્રમાં લઈ ગયા. ત્યાં આઠ દિવસ રહ્યા, ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળીને અહીં પાછા આવ્યા. એવા મહા સમર્થ મુનીશ્વર કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં મહાવિદેહમાં જઈ શક્યા હતા.

## બાળ વિભાગ

# તાપસની કથા

(૧) અહિંસાણુવ્રતમાં યમપાલ ચાંડાલ (૨) સત્યાણુવ્રતમાં ધનદેવ શેઠ (૩) અચૌર્યાણુવ્રતમાં શ્રેણિકપુત્ર વારિષેણ (૪) બ્રહ્મચર્યાણુવ્રતમાં વૈશ્ય પુત્રી નીલી તથા (૫) પરિગ્રહપરિમાણવ્રતને લીધે જયકુમાર પ્રસિદ્ધિ પામ્યા. આ પાંચ અણુવ્રતોની કથાઓ ગતાંકોમાં જોઈ. હવે ઉપરોક્ત પાંચ અણુવ્રતો પૈકી તેના પ્રતિપક્ષીભૂત હિંસાદિ અવ્રતોની કથામાં ધનશ્રી શેઠાણીએ હિંસાને લીધે અનેક પ્રકારનું દુઃખ અનુભવ્યું, અસત્ય બોલવાના કારણે સત્યઘોષ પુરોહિત દુઃખ પામ્યો ત્રીજા અવ્રતમાં તાપસ ચોરીને લીધે દુઃખ પામ્યો તે કથા આપવામાં આવે છે.

વત્સદેશમાં કૌશામ્બી પુરીનો રાજા સિંહસ્થ હતો. તેની રાણીનું નામ વિજયા હતું. ત્યાં એક ચોર કપટથી તાપસ બનીને બીજાની ભૂમિને નહિ સ્પર્શ કરતા એવા લટકતા સીંકા પર બેસી દિવસે પંચાગ્નિ તપ કરતો હતો અને ત્યાં કૌશામ્બીમાં ચોરી કરીને રહેતો હતો.

એક દિવસ મહાજન પાસેથી નગરને લુંટાયેલું સાંભળીને રાજાએ કોટવાળને કહ્યું, ‘‘રે, સાત રાતની અંદર ચોરને લાવ કે તારા મસ્તકને (લાવ).’’

પછી ચોર નહિ મળવાથી કોટવાળ ચિંતાતુર થયો. બપોરે કોઈ ભૂખ્યા બ્રાહ્મણે એક દિવસે આવી તેની પાસે ભોજન માગ્યું. તેણે કહ્યું, ‘‘રે, બ્રાહ્મણ! તું સ્વેચ્છાચારી છે. મને મારા પ્રાણની પડી છે અને તું ભોજનની માગણી કરે છે.’’

એ વચન સાંભળીને બ્રાહ્મણે પૂછ્યું, ‘‘તમને પ્રાણની કેમ પડી છે ?’’ અને તેણે (કોટવાળે) કારણ કહ્યું તે સાંભળીને બ્રાહ્મણે ફરીથી પૂછ્યું, ‘‘અહીં શું વળી કોઈ અતિ નિસ્પૃહ પુરુષ રહે છે ?’’

કોટવાળે કહ્યું, ‘‘વિશિષ્ટ તપસ્વી રહે છે, પણ તેને તે (ચોરી) સંભવતી નથી.’’

બ્રાહ્મણે કહ્યું, ‘‘અતિનિઃસ્પૃહ હોવાને લીધે તે જ ચોર હશે. આ બાબતમાં મારી વાત સાંભળો.

૧. મારી બ્રાહ્મણી પોતાને મહાસતી ગણાવીને પરપુરુષના શરીરને સ્પર્શતી નથી, તેથી પોતાના પુત્રને પણ કપટથી બધું શરીર ઢાંકીને ધવડાવે છે; પરંતુ રાત્રે ઘરના પીંડારા સાથે વ્યભિચાર (કુકર્મ) કરે છે. તે દેખીને મને વૈરાગ્ય થયો અને મુસાફરીના ખર્ચ માટે સુવર્ણની લગડીને વાંસની લાકડીમાં નાખીને હું તીર્થયાત્રાએ નીકળ્યો છું.

૨. આગળ જતાં મને એક બ્રહ્મચારી છોકરો મળ્યો. હું તેનો વિશ્વાસ રાખતો નહિ. હું લાકડીની રક્ષા (તેનાથી) યત્નપૂર્વક કરતો અને લાકડી હું સાથે જ રાખતો. તેથી તે બાળક–છોકરો સમજી ગયો કે આ લાકડીની અંદર કંઈક ધન છે. એક દિવસ રાત્રે કુંભારના ઘેર ઊંઘ લઈ સવારે ત્યાંથી નીકળીને દૂર જતાં પોતાના મસ્તક પર સડેલું તણખલું લાગેલું જોઈને કપટવશ મારી આગળ તે બોલ્યો—

‘‘હાય હાય! પારકાનું તૃણ આપ્યા વિના મેં લીધું એમ કહીને પાછો જઈને કુંભારના ઘર આગળ ત્યાં જ તૃણ નાખીને દિવસના અંતે મને તે મળ્યો. જ્યારે મેં ભોજન કરી લીધું હતું. ‘‘આ બહુ પવિત્ર છે’’ એમ માની વિશ્વાસ લાવી મેં ભિક્ષા માટે જતાં તેને કૂતરાં વગેરે હાંકવા માટે લાકડી આપી. તે લઈને તે ચાલ્યો ગયો.

૩. પછી મહાઅરણ્યમાં થઈને જતાં એક અતિવૃદ્ધ પક્ષીનું મહાકપટ મારા જોવામાં આવ્યું. તે આ પ્રમાણે—

એક મોટા વૃક્ષ ઉપર ઘણા પક્ષીઓનું ટોળું મળ્યું હતું. રાત્રે એક અતિવૃદ્ધ પક્ષીએ પોતાની ભાષામાં કહ્યું : ‘‘રે રે પુત્રો! હું બહુ ચાલી શકું તેમ નથી. ભૂખથી પીડિત થઈને કદાચિત્ ચિત્તની ચંચળતાને લીધે હું તમારાં બચ્ચાનું ભક્ષણ કરી જાઉં; તેથી સવારે મારું મુખ બાંધીને બધાં જાઓ.’’

પક્ષીઓએ કહ્યું : ‘‘હાય હાય! બાપુ, તમે તો દાદા, તમને એ કેમ સંભવે?’’

તેણે કહ્યું : ‘‘ભૂખ્યો શું પાપ નથી કરતો?’’

એમ સવારે તેના ફરીથી કહેવાથી તેનું મુખ બાંધીને (બધાં) ગયાં. તેઓ જ્યારે ગયાં ત્યારે બંધાયેલો તે બે પગથી મુખનું બંધન દૂર કરીને તેમનાં બચ્ચાં ખાઈ જતો અને તેમના આવવાના સમયે ફરીથી પગ વડે મુખે બંધન બાંધીને અતિકપટથી ભૂખ્યું (ક્ષીણ) પેટ કરીને પડી રહેતો.

૪. પછી એક નગરમાં જતાં ચોથું મહાકપટ મારા જોવામાં આવ્યું. તે આ રીતે :—

ત્યાં નગરમાં એક ચોર તપસ્વીનું રૂપ ધારણ કરીને બે હાથ વડે મસ્તક ઉપર મોટી શિલા ઊંચે પકડી રાખીને રાત–દિવસ અતિકપટથી ‘હે જીવ! આઘા ખસો, હું પગ માંડું છું. હે જીવ! આઘા ખસો, હું પગ માંડું છું.’ એમ બોલતો બોલતો ભમતો હતો. તેના સર્વ ભક્તજનો તેને ‘અપસર જીવ’ એવા નામથી કહેવા લાગ્યા. તે ચોર જ્યારે કોઈ તેને ખાડા આદિ નિર્જન સ્થાનમાં મળે તો બધી તરફ નજર નાખીને સુવર્ણથી

વિભૂષિત, પ્રણામ કરતા એવા એકલા (માણસ)ને તે શિલાથી મારી નાખી તેનું ધન લઈ લેતો.

એવાં ચાર તીવ્ર કપટ જોઈને મેં આ શ્લોક બનાવ્યો છે—

अबालस्पर्शका नारी ब्राह्मणोऽतृणहिंसकः।
वने काष्ठमुखः पक्षी, पुरेऽपसरजीवकः॥ इति

પુત્રને નહિ સ્પર્શતી નારી, તૃણઅહિંસક બ્રાહ્મણ, વનમાં કાષ્ઠમુખ પક્ષી અને નગરમાં અપસરજીવક—એ ચાર મહાકપટ મેં જોયા.

એમ કહી કોટવાળને ધીરજ આપીને સંધ્યાસમયે બ્રાહ્મણ સીંકામાં રહેવાવાળા તપસ્વી પાસે ગયો અને તપસ્વીના નોકરોએ તેને ત્યાંથી હાંકી કાઢવા માંડ્યો, પણ રાત્રિ–અંધ (રતાંધળો) થઈને ત્યાં એક ઠેકાણે પડી રહ્યો. તે નોકરો તે રતાંધળાની પરીક્ષા કરવા માટે તૃણ–કંડુક, આંગળી વગેરે તેની આંખ સમીપ લાવતા, પરંતુ તે દેખવા છતાં ન દેખતો રહ્યો.

પાછલી રાત્રે ગુફારૂપી અંધકૂપમાં રાખેલું નગરનું ધન તેણે જોયું અને તેમનાં ખાન–પાનાદિક પણ જોયાં. સવારે તેણે જે કાંઈ રાત્રે જોયેલું તે કહીને રાજા દ્વારા માર્યા જતા કોટવાળને બચાવ્યો. કોટવાળે સીંકામાં બેસવાવાળા તપસ્વીને બહુ પ્રકારે દુઃખી કર્યો અને તે મરીને દુર્ગતિએ ગયો. એ પ્રમાણે તૃતીય અવ્રતની કથા પૂર્ણ થઈ. ૩.

---

સોનું-ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભ ક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે, શાતા-વેદનીય જનિત લૌકિક–સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે. ક્રોધની તરવાર પકડી રાખી છે, માનનો શરાબ પીને બેઠો છે. મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે, અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાઙ્મુખ થઈને જૂઠમાં જ ગુંચવાઈ ગયો છે.

(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, મોક્ષ દ્વાર, ૫દ-૨૮)

**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.** **–શ્રી નિયમસાર**

## શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર—મુંબઈ
## આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઊજવે છે

# શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર પ્રતિષ્ઠાનો
# મહામાંગલિક હીરક જયંતી (૭૫મો) મહોત્સવ

વિશ્વપ્રસિદ્ધ અદ્વિતીય અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદેહક્ષેત્રમાંથી ભરતમાં જન્મ લેનાર પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતીમાતાને અંતરહૃદયથી શ્રી સીમંધર ભગવાન આદિ જિનેન્દ્ર ભગવંતોની નિત્ય-દર્શનની અને તેમના વિરહની વેદનાભરી ભાવના વર્તી રહી હતી. તેમનું અંતર પોકારતું હતું કે "અરેરે ! અમને અહીં સાક્ષાત્ ભગવાનનો તો વિરહ છે જ પરંતુ ભગવાનની વીતરાગી મુદ્રાયુક્ત પ્રતિમાના પણ દર્શન નહીં !" ઉભય સત્પુરુષોની ભગવાનના નિત્ય દર્શનની આ ઉગ્ર ઝંખનાને હૃદયગત કરવાવાળા અમારા દાદાજી પૂજ્ય નાનાલાલભાઈ તથા તેમના ભાઈઓએ આજથી ૭૫ વર્ષ પૂર્વે જીવંતસ્વામી શ્રી સીમંધરપ્રભુ તથા અન્ય જિનેન્દ્ર ભગવંતોનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઘણા ભાવથી ઉલ્લાસપૂર્વક સૌરાષ્ટ્રની સુવર્ણપુરીમાં સૌ પ્રથમ ઉજવ્યો હતો ત્યારે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની ઉપશાંત મુદ્રા જોતાં પૂ. ગુરુદેવશ્રી અને પૂ. ભગવતીમાતાના ઉલ્લાસના ભાવોનું વર્ણન શબ્દોમાં તો શું થઈ શકે !

અમ બાળકોને અનેકવાર પૂજ્ય ભગવતી માતાના શ્રીમુખે આ પ્રતિષ્ઠા મહોત્સવના મંગલકારી પંચ-કલ્યાણકના પ્રસંગો, તે સમયના પૂજ્ય ગુરુદેવશ્રીના આનંદકારી પ્રવચનો તથા તેઓશ્રીની અંતરની ભક્તિ ઉલ્લાસની વાતો સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે મધુરા પ્રસંગના સ્મરણો યાદ આવતાં આજે પણ અમો સૌના હૃદય આનંદથી નાચી ઊઠે છે ને રોમરોમમાં ભક્તિરસ જાગે છે, જાણે આજે જ સુવર્ણપુરીમાં શ્રી સીમંધર ભગવાન પધાર્યા હોય ! હે સીમંધરનાથ ! આપના સુવર્ણપુરે મંગલ પગલા થતાં આપના પુનિત પગલે અનેકાનેક જિનવરવૃંદો દેશ-વિદેશમાં પધારતાં જિનેન્દ્ર શાસનમાં અદ્ભુત વૃદ્ધિ થઈ છે.

આવા મહિમાવંત શ્રી સીમંધરાદિ જિનેન્દ્રવૃંદની પધરામણીના મંગળ હીરકજયંતી મહોત્સવમાં માઘ વદ ૩૦, બુધવાર, તા. ૧૮-૨-૨૦૧૫ થી ફાગણ સુદ-૨, શુક્રવાર તા. ૨૦-૨-૨૦૧૫ સુધી લાભ લેવા-પધારવા આપ સૌને અમારું ભાવભીનું આમંત્રણ છે.

(સુવર્ણપુરીમાં પ્રતિવર્ષ અનુસાર અષ્ટદિવસીય મહોત્સવરૂપે તા. ૧૩-૨-૨૦૧૫ થી ૨૦-૨-૨૦૧૫ સુધી શ્રી વિદેહસ્થ વિદ્યમાનવિંશતિ જિનપૂજા, તથા ભક્તિ સહ ઉજવવામાં આવશે.)

લી.
જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવારના
જય જિનેન્દ્ર

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૩૦) બેંગલોર નગરમાં તા. ૩-૧૧-૧૪ના રોજ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૧) સુરેન્દ્રનગર સૂર્યકીર્તિનગરમાં તા. ૨૩-૧૧-૧૪ના રોજ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૨) રાજકોટ(નંદીશ્વર જિનાલય)માં તા. ૨૧-૧૨-૧૪ના રોજ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૩) અમદાવાદ ખાડિયા મંદિરમાં તા. ૨૧-૧૨-૧૪ના રોજ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલ અધ્યાપકે અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની સુદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.

## વૈરાગ્ય સમાચાર :–

જોરાવરનગરનિવાસી શ્રી હિંમતલાલ નાનાલાલ ગાંધી, (ઉ.વ. ૮૬) તા. ૧૭-૦૯-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી(હાલ સોનગઢ) શ્રી વસંતબેન ધીરજલાલ સપાણી (ઉ.વ. ૮૭) તા. ૧૫-૧૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ઘણા સમયથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

લીંબડીનિવાસી (હાલ મુંબઈ) શ્રી નિરંજનભાઈ કાંતિલાલ શાહ (ઉ.વ. ૬૬) તા. ૨૦-૧૨-૨૦૧૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધર્મપ્રેમી હતા અને વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનો તથા ધાર્મિક પ્રવૃત્તિમાં રસપૂર્વક લાભ લેતા હતા.

## (૨૦)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ ✗ નિશાની કરો.

(૩૮૧) એક સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને જ્યોતિષી દેવોનો ઈન્દ્ર થયો. .........

(૩૮૨) એક જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી પછી મરીને ત્રીજી નરકે ગયો. .........

(૩૮૩) સૌથી વધુ તીર્થંકરોએ સમ્મેદશિખરમાં જન્મ લીધેલ છે. .........

(૩૮૪) એક જીવે આત્માને ઓળખીને મુનિ થયો બાદ ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગમાં ગયો. .........

(૩૮૫) એક જીવ બે ઘડીમાં આત્માને ઓળખી મુનિ થઈ ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન લઈ મોક્ષમાં ગયો. .........

(૩૮૬) દ્રવ્યલિંગી મુનિ ૯મી ગ્રૈવેયકથી નીકળી ત્યાંથી સીધો મોક્ષમાં જાય છે. .........

(૩૮૭) નારકી જીવ મરીને સીધો સ્વર્ગમાં ઉત્પન્ન થયો. .........

(૩૮૮) પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને ચાર ભાઈ હતા. .........

(૩૮૯) કૌશલ્યા રાણીનાં કહેવાથી શ્રી રામચંદ્રજીને ૧૪ વર્ષનો વનવાસ થયો હતો. .........

(૩૯૦) પૂજ્ય બહેનશ્રીને સમ્યક્દર્શન વઢવાણમાં થયું હતું. .........

(૩૯૧) પંચ પરમાગમ જિનવાણી ધરસેનાચાર્યે બનાવેલ છે. .........

(૩૯૨) મોક્ષમાર્ગપ્રકાશકના રચયિતા પં. ટોડરમલજી હતા. .........

(૩૯૩) નિશ્ચયનય વગરનો વ્યવહાર સાચો કહેવાતો નથી. .........

(૩૯૪) વ્રત પાળતાં પાળતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જશે. .........

(૩૯૫) સમવસરણમાં ધ્વજા દસ પ્રકારની હોય છે. .........

(૩૯૬) સમયસાર કળશની રચના પંડિત રાજમલજી પાંડેએ કરી હતી. .........

(૩૯૭) પહેલાં દ્રવ્યમોક્ષ થાય છે પછી ભાવમોક્ષ થાય છે. .........

(૩૯૮) કુંદકુંદાચાર્યદેવ મનઃપર્યયજ્ઞાની હતા. .........

(૩૯૯) સીમંધર ભગવાનના પિતાનું નામ શ્રેયાંસરાજા અને માતાનું નામ સત્યદેવી હતું. .........

(૪૦૦) શ્રીકૃષ્ણનું મૃત્યુ બળદેવના હસ્તક થયું હતું. .........

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર-૨૦૧૪ના ઉત્તર

(૩૬૧) ✓
(૩૬૨) ✗
(૩૬૩) ✗
(૩૬૪) ✗
(૩૬૫) ✓
(૩૬૬) ✗
(૩૬૭) ✓
(૩૬૮) ✗
(૩૬૯) ✓
(૩૭૦) ✓

(૩૭૧) ✓
(૩૭૨) ✗
(૩૭૩) ✗
(૩૭૪) ✗
(૩૭૫) ✗
(૩૭૬) ✓
(૩૭૭) ✗
(૩૭૮) ✗
(૩૭૯) ✗
(૩૮૦) ✓

## (૨૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે લખેલ ભગવાનની આગળ ચિહ્નના જોડકા બનાવો.

| | | | |
|---|---|---|---|
| (૩૮૧) મહાવીર ભગવાન | ................ | (૧) | ચકલી |
| (૩૮૨) સુપાર્શ્વનાથ ભગવાન | ................ | (૨) | કુંભ |
| (૩૮૩) અભિનંદનનાથ ભગવાન | ................ | (૩) | હરણ |
| (૩૮૪) શીતલનાથ ભગવાન | ................ | (૪) | બળદ |
| (૩૮૫) પાર્શ્વનાથ ભગવાન | ................ | (૫) | કમળ |
| (૩૮૬) શ્રેયાંસનાથ ભગવાન | ................ | (૬) | નાગ |
| (૩૮૭) અરનાથ ભગવાન | ................ | (૭) | પદ્મ |
| (૩૮૮) પુષ્પદંત ભગવાન | ................ | (૮) | કલ્પવૃક્ષ |
| (૩૮૯) અજિતનાથ ભગવાન | ................ | (૯) | ચંદ્ર |
| (૩૯૦) ઋષભદેવ ભગવાન | ................ | (૧૦) | ઘોડો |
| (૩૯૧) નેમિનાથ ભગવાન | ................ | (૧૧) | હાથી |
| (૩૯૨) પદ્મપ્રભુ ભગવાન | ................ | (૧૨) | સિંહ |
| (૩૯૩) ચંદ્રપ્રભુ ભગવાન | ................ | (૧૩) | માછલી |
| (૩૯૪) નમિનાથ ભગવાન | ................ | (૧૪) | સ્વસ્તિક |
| (૩૯૫) વાસુપૂજ્ય ભગવાન | ................ | (૧૫) | વાંદરો |
| (૩૯૬) સુમતિનાથ ભગવાન | ................ | (૧૬) | શંખ |
| (૩૯૭) વિમલનાથ ભગવાન | ................ | (૧૭) | મગર |
| (૩૯૮) મલ્લિનાથ ભગવાન | ................ | (૧૮) | ભેંસો |
| (૩૯૯) સંભવનાથ ભગવાન | ................ | (૧૯) | ભુંડ |
| (૪૦૦) શાંતિનાથ ભગવાન | ................ | (૨૦) | ગેંડો |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર—૨૦૧૪ના ઉત્તર

(૩૬૧) ૧૮
(૩૬૨) તપ
(૩૬૩) ઉપકારને
(૩૬૪) ૧૦૦
(૩૬૫) ૮
(૩૬૬) કલ્પવૃક્ષ
(૩૬૭) સત્તાસ્વરૂપ
(૩૬૮) સંસાર
(૩૬૯) આસ્રવ
(૩૭૦) સંવર - નિર્જરા
(૩૭૧) અર્થપર્યાય
(૩૭૨) વિભાગ દ્રવ્ય વ્યંજન પર્યાય
(૩૭૩) ચિદાનંદ
(૩૭૪) સમ્યક્‌દર્શન
(૩૭૫) ભાવના
(૩૭૬) કારણ
(૩૭૭) સત્યઘોષ
(૩૭૮) ૯૦૦
(૩૭૯) બાહુબલી
(૩૮૦) સોનગઢ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ પ્રશ્ન :—જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો ?

ઉત્તર : એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. એટલે પોતે જણાતો નથી. પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે તેથી પોતે જણાતો નથી. ૯૧.

✻ શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કૂતુહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે તેનું કૂતુહલ તો કર ! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર ! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો ! તેને દેખવા—અનુભવવાનું કુતૂહલ તો કર ! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર ! ૯૨.

✻ પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહીં તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહીં, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે. ૯૩.

✻ તારા સ્વભાવસાગરની અશાતના ન થાય અને આરાધના થાય તેની આ વાત છે. આત્મામાં એક એક ગુણની અનંતી શક્તિ શુદ્ધ છે. એવા અનંત અનંત ગુણોની શુદ્ધતાનો આશ્રય જે પરિણતિ લ્યે છે તે પરિણતિને શુદ્ધત્વ પરિણમન કહે છે. તેને આત્માની આરાધના કહે છે. ૯૪.

✻ આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૯૫.

✻ વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે—તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે. ૯૬.

Posted at Songadh PO
Publish on 1-01-2015
Posted on 1-01-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org